RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk


*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 147* Date: 25.03.2021 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કોરોનાનો ફૂંફાડોઃ મહારાષ્ટ્રના બીડ જીલ્લામાં ૪ એપ્રિલ સુધી જડબેસલાક લોકડાઉન

# લોકડાઉન રિટર્ન..! દેશમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૨૭૫ લોકોના મોત





## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા, મહારાષ્ટ્ર, ગુજરાત, મપ્ર, પંજાબ અને કર્ણાટકમાં કોરોની બીજી લહેરનું આક્રમણ

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશના અનેક રાજ્યોમાં કોવિડ ૧૯ના કેસ રોકેટ ગતિથી વધી રહ્યા છે. મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત અનેક રાજ્યોમાં હાલાત ચિંતાજનક છે. કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. કેન્દ્ર સરકારે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં એક જ દિવસમાં કોરોનાના ૪૭ હજારથી વધુ નવા દર્દીઓ નોંધાયા છે. રાજ્યો અને કેન્દ્ર સરકાર કોરોનાને કાબૂમાં લેવા માટે સતત આકરા પહલા લઈ રહી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકની અંદર કોરોનાના નવા ૪૭,૨૬૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કોરોનાના કેસનો આંકડો ૧,૧૭,૩૪,૦૫૮ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૧૨,૦૫,૧૬૦ લોકો સાજા થયા છે અને ૩,૬૮,૪૫૭ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૧,૬૦,૪૪૧ થયો છે. કોરોના રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૫,૦૮,૪૧,૨૮૬ લોકોને રસી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે આંતરરાષ્ટ્રીય ઉડાનો પર લાગેલા પ્રતિબંધોને ૩૦ એપ્રિલ સુધી વધારી દીધા છે. આઈસીએમઆર મુજબ જે ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા તેમાંથી ૧૩૨ મોત મહારાષ્ટ્રમાં, ૫૩ પંજાબમાં, ૨૦ છત્તીસગઢ અને ૧૦ મોત કેરળમાં થયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૫૩,૫૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગયા વર્ષે ૧૧ નવેમ્બર પછી કોઈ એક જ દિવસે પ્રાપ્ત થયેલા સૌથી વધુ કેસ છે. મૃત્યુની વાત કરીએ તો ગયા વર્ષે ૩૦ ડિસેમ્બર પછી પહેલીવાર આટલી મોટી સંખ્યામાં લોકો કોરોનાને કારણે મોતને ભેટ્યા છે. ૩૦ ડિસેમ્બરે, કોરોના સંક્રમણને કારણે ૩૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. છેલ્લા બે દિવસની તુલનામાં, મૃત્યુઆંકમાં આ મોટો ઉછાળો છે.

મહારાષ્ટ્રના બીડ જીલ્લામાં કોરોનાના સતત વધતાં કેસને લઈને વહીવટી તંત્ર દ્વારા આગામી ૨૬ માર્ચથી લઈ અને ૪ એપ્રિલ સુધી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. આ સમય દરમિયાન કડક લોકડાઉનનું પાલન કરવામાં આવશે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કે જેના કારણે કોરોનાના સંક્રમણની ચેઈનને તોડી શકાય.

જિલ્લાધિકારી તરફથી આદેશ બહાર પાડવામાં આવ્યો છે. લોકડાઉન દરમિયાન મેરેજ હોલ, હોટલ બંધ રાખવામાં આવે છે. તમામ પ્રાઈવેટ ઓફિસો પણ બંધ રાખવામાં આવશે. કરિયાણા, દૂધ અને મેડિકલ સહિત જરૂરી સેવાઓ ચાલુ રહેશે. જિલ્લાની તમામ શાળાઓ, કોલેજ બંધ રાખવાના આદેશ અપાયા છે.

ભારત સરકાર મોટાપાયે કોરોના વાયરસ રસીકરણ અભિયાન ચલાવી રહી છે જેના કારણે અત્યાર સુધી ૫ કરોડ ૮ લાખ ૪૧ હજાર ૨૮૬ લોકોનુ રસીકરણ કરવામાં આવી ચૂક્યુ છે. કોરોનાના વધતા કેસોને જોતા ભારત સરકારે ૪૫ વર્ષથી વધુ ઉંમરના બધા લોોકને વેક્સીન આપવાનુ એલાન કર્યુ છે.

બીજી તરફ, કેન્દ્ર સરકારે પણ રાજ્યોને કોરોનાને કાબૂમાં લેવા માટે પોતાની રીતે નિયંત્રણો મૂકવા માટે જણાવ્યું છે. કેન્દ્ર સરકારના એડિશનલ હેલ્થ સેક્રેટરીએ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે. જેમાં સલાહ આપવામાં આવી છે કે, આગામી દિવસોમાં હોળી, ઈસ્ટર, ઈદ જેવા તહેવારો આવી રહ્યા છે. આ દરમિયાન ભીડ ભેગી ના થાય તે સુનિશ્ચિત કરવા સરકારો સ્થાનિક સ્તરે નિયંત્રણો મૂકી શકે છે.

### પશ્ચિમ બંગાળ ચૂંટણીઃ વડાપ્રધાને ચૂંટણી રેલીમાં દીદી પર પ્રહાર કર્યા

## લોકો દીદીનો ખેલ સમજી ગયા, બે મેએ વિદાય નક્કીઃ પીએમ મોદી

કાંથી/નંદીગ્રામ,તા.૨૪

નંદીગ્રામ આ વખતે મમતા બેનર્જી અને ભાજપના શુભેન્દુ અધિકારી વચ્ચે ટક્કર થઈ રહી છે ત્યારે પીએમ મોદીએ સભાને સંબોધિત કરી હતી. પીએમ મોદીએ આજે પશ્ચિમ બંગાળમાં મેદીનાપૂરમાં રેલીને સંબોધીત કરી હતી. રેલીને સંબોધિત કરતાં પીએમ મોદીએ આજે રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી પર જોરદાર પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ કહ્યું કે હવે બંગાળમાં બધી બાજુએથી અવાજ આવી રહી છે, ૨ મેએ દીદી જઈ રહ્યા છે. નોંધનીય છે કે નંદીગ્રામ આ વખતે મમતા બેનર્જી અને ભાજપના શુભેન્દુ અધિકારી વચ્ચે ટક્કર થઈ રહી છે ત્યારે નંદીગ્રામના સંગ્રામમાં આજે પીએમ મોદી મેદાનમાં આવ્યા હતા. નંદીગ્રામને અધિકારી પરિવારનો ગઢ માનવામાં આવી રહ્યો છે ત્યારે મમતા બેનર્જીનો પણ દાવો છે કે તેઓ આ બેઠક પર જીત હાંસલ કરશે.

પીએમ મોદીએ કહ્યું કે બંગાળને હવે પરિવર્તનની જરૂર છે. ૨જી મેના રોજ બંગાળ અને વિકાસની વચ્ચે જે દીવાલ આવી ગઈ છે તે તૂટી જશે. અહિયાં ભાજપની સરકાર બનશે અને ખેડૂતોના હકના ૩ વર્ષના પૈસા હું જમા કરાવીને જ રહીશ. છેલ્લા ત્રણ વર્ષમાં જે પૈસા દીદીએ નથી આપ્યા તે હું ખેડૂતોને આપીશ. દિલ્હીની સરકાર આ પૈસા ખેડૂતોના ખાતામાં આપવા માંગતી હતી પરંતુ દીદીએ એવું થવા જ ન દીધું.

પીએમ મોદીએ કહ્યું કે દીદી આજે બંગાળ પૂછી રહ્યું છે કે અમ્ફાનની રાહત કોણે લૂંટી? ગરીબોના ચોખા કોણે લૂંટયા? આજે લોકો તૂટેલી છતની નીચે રહેવા માટે મજબૂર છે તે લોકો તમારાથી સવાલ કરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે દીદીના રાજમાં અહિયાં હિંસા અને બોમ્બ ધમાકાઓના જ સમાચાર સામે આવી રહ્યા છે. આખા આખા ઘર ઉડાવી દેવામાં આવે છે અને મમતાની સરકાર માત્રને માત્ર જોઈ રહે છે. આ સ્થિતિને બદલવી પડશે. બંગાળમાં શાંતિ જોઈએ તો બોમ્બ અને બંદૂકથી મુક્તિ જરૂરી છે. પીએમ મોદીએ કહ્યું કે મમતા દીદીને તમે ૧૦ વર્ષ કામ કરવાનો મોકો આપ્યો. તેમણે તમારી વચ્ચે આવવું જોઈએ અને હિસાબ આપવું જોઈએ. પરંતુ દીદી હિસાબ નથી આપી રહ્યા તે ગુસ્સો કરી રહ્યા છે અને ગાળો આપી રહ્યા છે.

## ૨૪ દિવસ બાદ પેટ્રોલમાં ૧૮ અને ડિઝલમાં ૧૭ પૈસાનો ઘટાડો



ન્યુ દિલ્હી,તા.૨૪

સરકારી તેલ કંપનીઓએ બુધવારે ૨૪ દિવસ બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ફેરફાર કર્યો છે. રાજધાની દિલ્હીમાં આજે પેટ્રોલ ૧૮ પૈસા અને ડીઝલ ૧૭ પૈસા સસ્તુ થયું છે. દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૯૦.૯૯ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે.

ગત મહિને સતત ૧૬ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થયો હતો જેથી લગભગ દરેક શહેરમાં ઈંધણના ભાવ ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યા હતા.

તાજેતરના ઘટાડા બાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૦.૦૦ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૮૧.૩૦ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. આ જ રીતે મુંબઈમાં પેટ્રોલની કિંમત ૯૭.૪૦ રૂપિયા અને ડીઝલની કિંમત ૮૮.૪૨ રૂપિયા પ્રતિ લીટર છે.

આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલનો ભાવ ૧૫ દિવસમાં ૧૦ ટકા જેટલો ઘટી ગયો છે. યુરોપમાં કોરોનાની ત્રીજી લહેરના કારણે ત્યાં ઈંધણની માંગ ઘટશે તેવી શક્યતા છે. આ કારણે કાચા તેલની કિંમત ૭૧ ડૉલર પ્રતિ બેરલથી ઘટીને ૬૪ ડૉલર થઈ ગઈ છે.

## મુખ્યમંત્રીનું મૌન પરેશાન કરનારું, મહારાષ્ટ્ર સરકાર મહાવસૂલી સરકાર બનીઃ ફડણવીસ



મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં ૧૦૦ કરોડ રૂપિયાની વસૂલીના મામલે જબરદસ્ત રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે. આ બધા વચ્ચે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ભાજપના નેતાઓએ આજે રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી સાથે મુલાકાત કરી. રાજ્યપાલ સાથે વાતચીત બાદ દેવેન્દ્ર ફડણવીસે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે અમે રાજ્યપાલ સાથે મુલાકાત કરીને આખા મામલે જાણકારી આપી.

મહારાષ્ટ્ર ભાજપના નેતા સુધીર મુનગંટીવારે કહ્યું કે અમે રાજ્યપાલ પાસે રાજ્યમાં શાસન અને કોરોના સંબંધિત વિભિન્ન મુદ્દાઓ પર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પાસે રિપોર્ટ માંગવાની ભલામણ કરી. અમે તેમને ભ્રષ્ટાચાર સાથે જોડાયેલા મુદ્દા પર હસ્તક્ષેપ કરવાની પણ અપીલ કરી. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્રમાં જે પ્રકારની ઘટનાઓ ઘટી રહી છે તે પછી પૈસાની વસૂલીની ઘટના હોય કે ટ્રાન્સફર રેકેટ તે તમામ ઘટનાઓ દુખદ છે. આટલી બધી ઘટનાઓ ઘટવા છતાં પણ મુખ્યમંત્રીએ તેના પર એક પણ નિવેદન આપ્યું નથી. તેમણે કહ્યું કે આ મામલે મુખ્યમંત્રીનું મૌન સૌથી વધુ પરેશાન કરનારું છે.

પ્રેસ કોન્ફરન્સમાં દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે હપ્તા વસૂલી, ટ્રાન્સફર, કોવિડ ૧૯ પર રાજ્ય સરકારે શું એક્શન લીધા છે તેનો રાજ્યપાલે રિપોર્ટ માંગવો જોઈએ. અમે એ જ માગણી કરી છે. તેમણે કહ્યું કે સરકાર સારી રીતે ચાલી રહી નથી. આ ત્રણેય પાર્ટીઓને ખબર છે કે હપ્તા વસૂલી થઈ રહી છે. મહારાષ્ટ્ર સરકાર હવે મહાવસૂલી સરકાર બની ચૂકી છે. આ સરકારમાં હવે નૈતિકતા બચી નથી.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૭૯૦

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૯૨૧૬૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦૮

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૭૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૭૮૯૮૦

## કોંગ્રેસ કન્ફ્યુઝ પાર્ટી, ભાજપને કેરાલાના લોકો વિકલ્પ તરીકે જોઈ રહ્યા છેઃ શાહ

કોચ્ચિ,તા.૨૪

કેન્દ્રના ગૃહ મંત્રી અમિત શાહ આજે કેરાલામાં ચૂંટણી પ્રચાર માટે પહોંચ્યા છે.અહીંયા તેમણે એક ચૂંટણી સભાને સંબોધન કર્યુ હતુ.

જેમાં તેમણે કહ્યુ હતુ કે, કેરાલા એક જમાનામાં વિકાસ અને ટુરિઝમના મોડેલ તરીકે તેમજ સૌથી શિક્ષિત પ્રદેશ તરીકે દેશમાં જાણીતુ હતુ.જોકે એલડીએફ અને યુડીએફે રાજ્યને ભ્રષ્ટાચારાનો અડ્ડો બનાવી દીધુ છે.પોતાની જ પાર્ટીના માણસોને સરકારમાં હોદ્દાઓ પર ગોઠાવવા માટે પોતાનો સમય પસાર કર્યો છે.અહીંના પબ્લિક સર્વિસ કમિશનને રિમોટ કંટ્રોલથી આ પાર્ટીઓ ચલાવે છે.ડાબેરીઓની પાર્ટી સાથે જોડાયેલા ના હોય તેવા ઉમેદવારોને અહીંયા પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કર્યા પછી પણ નોકરી મળતી નથી.

શાહે કહ્યુ હતુ કે, જે રાજયમાં મુખ્યમંત્રી કાર્યાલય, તેમના મુખ્ય સચિવ અને મુખ્ય સચિવે પ્રમોટ કરેલી મહિલા સોનાની દાણચોરીમાં સામેલ હોય તેવા મુખ્યમંત્રીને ફરી ચૂંટવાનો કોઈ મતલબ છે ખરો? શાહે કહ્યુ હતુ કે ગોલ્ડ સ્કેમનો મુખ્ય આરોપી સીએમ કાર્યાલયમાં ફરજ બજાવતો હતો અને મહિને ત્રણ લાખનો પગાર લેતો હતો તે હકીકત છે.

### આગામી મહિને સીજેઆઇ બોબડે નિવૃત્ત થશે

## એનવી રમન્ના દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે

ન્યુ દિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ એ બોબડે આગામી મહીને નિવૃત્ત થઇ રહ્યા છે, ત્યારબાદ હવે તેઓની જગ્યાએ વરિષ્ઠ ન્યાયાધીશ એનવી રમન્ના દેશના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. હાલના મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડેએ તેમના નામની ભલામણ સરકારને મોકલી છે.

આપને જણાવી દઈએ કે, તાજેતરમાં જ સરકારે સીજેઆઇ એસ એ બોબડેને તેમના અનુગામી તરીકે તેમનું નામ મોકલવા કહ્યું હતું. બીજી બાજુ મુખ્ય ન્યાયાધીશ એસ.એ. બોબડે ૨૩ એપ્રિલે તેમના પદ પરથી નિવૃત્ત થવાના છે. આ પછી, એનવી રમન્ના સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ તરીકે કામ કરતા જોવા મળશે.

કેન્દ્રીય કાયદા પ્રધાન રવિશંકર પ્રસાદે તાજેતરમાં જ નિવૃત્ત થવા જઈ રહેલા ન્યાયાધીશ બોબડેને એક પત્ર મોકલ્યો હતો અને તેમને નવા સીજેઆઈના નામની ભલામણ કરવા જણાવ્યું હતું. રવિશંકર પ્રસાદે જસ્ટિસ બોબડેને પૂછ્યું હતું કે તેમના પછી તેમના અનુગામી કોણ હશે? દેશના ૪૮ મા મુખ્ય ન્યાયાધીશ તરીકે કોની નિમણૂક થવાની છે? મહત્વનું છે કે, જસ્ટિસ બોબડે ૨૩ એપ્રિલના રોજ નિવૃત્ત થશે. આપને જણાવી દઈએ કે જસ્ટિસ એન.વી. રમન્ના હાલમાં સુપ્રીમ કોર્ટના સૌથી સિનિયર જજ છે.

આજ સુધી જે પરંપરા છે તે મુજબ જસ્ટિસ રમન્નાએ દેશના આગામી સીજેઆઈનું પદ સંભાળવું પડ્યું. પરંપરા અનુસાર, તેમની નિવૃત્તિના આશરે એક મહિના પહેલા, દેશના સર્વિસિંગ ચીફ જસ્ટિસે રાષ્ટ્રપતિને પત્ર મોકલીને સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયાધીશને તેમના અનુગામી તરીકે નિયુક્તિની ભલામણ કરે છે.

નોંધનીય છે કે હાલમાં જ આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ ચીફ જસ્ટિસને પત્ર લખ્યો હતો અને જેમાં ફરિયાદ કરવામાં આવી હતી કે જસ્ટિસ રમન્ના આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં દખલ કરી રહ્યા છે. અમરાવતી જમીન કૌભાંડ મામલામાં પણ તેમના પરિવારના કેટલાક સદસ્યોની ભૂમિકા પર આરોપ લગાવવામાં આવી રહ્યા છે ત્યારે ચીફ જસ્ટિસ દ્વારા સરકારને તેમના નામની ભલામણ કરવામાં આવી છે તેનો સીધો અર્થ થાય છે કે ચીફ જસ્ટિસે આ બધા આરોપોને નજરઅંદાજ કર્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### કોરોનાઃ મધ્યમ વર્ગના લાખો પરિવારને ગરીબી તરફ ધકેલ્યા, ધનપતિઓની સંખ્યા વધી....!!

વિશ્વ સ્તરે કોરોના પ્રથમ વાર ત્રાટક્યો ત્યારે એટલે કે ૨૦૨૦ ના વર્ષમાં અનેક દેશોના અર્થતંત્રના પાયા હચમચાવી નાખ્યા હતા. કેટલાક દેશોએ વિવિધ યોજનાઓને અધવચ્ચે છોડી દેવી પડી હતી તો કેટલાક દેશોની અન્ય જે દેશમાંની યોજનાઓના શરૂઆતી અમલ થયા બાદ કેટલાક દેશોએ રોકાણ માટે હાથ ઊંચા કરી દેવા પડ્યા હતા. કરોડો નાના- મોટા ઉદ્યોગો,ધંધા,રોજગાર જીવન ઉપયોગી ઉત્પાદનો કરતા એકમો ઠપ્પ થઇ ગયા હતા... તે સાથે કરોડો લોકોએ ધંધા-રોજગારી ગુમાવી દીધી. તેમાં સૌથી વધુ અસર મધ્યમ વર્ગને થવા પામી અને લાખો પરિવાર ગરીબી તરફ ધકેલાઈ ગયા છે. જેની મોટી અસર ભારતમાં પણ થઇ છે.....! પરંતુ ભારતમાં ધનપતિઓની સંખ્યા વધી ગઈ અને વધી રહી છે. દેશની એક આર્થિક સંસ્થા હુરુન ઇન્ડિયાનો અહેવાલ કહી રહ્યો છે કે દેશમાં ૨૦૨૦માં ૬.૩૩ લાખ પરિવારો વધ્યા છે જેમની વાર્ષિક બચત રૂપિયા ૨૦,૦૦,૦૦૦ તેથી વધુ છે હુરુનના અહેવાલ મુજબ ગોલ્ડન કલરની કેટેગરીવાળા પરિવારોને ન્યુ મીડલ ક્લાસનું બિરૂદ આપ્યું છે.દેશમાં સૌથી વધુ ધનિક મહારાષ્ટ્રમા અને સૌથી ઓછા મધ્યપ્રદેશમાં છે આ શ્રીમંતો ફિક્સ ડિપોઝિટ, રિયલ એસ્ટેટ, શેરબજાર પર પોતાની આવકનો આધાર રાખે છે તો ફરવા જવા માટે યુકે, સ્વિટ્ઝરલેન્ડ, અમેરિકાને વધુ પસંદ કરે છે, જ્યારે રોકાણ કરવું હોય તો અમેરિકા, યુરોપ અને સિંગાપુરની કંપનીઓ પર ભરોસો રાખે છે. જ્યારે કે દેશમાં કોરોના બીજો ઘાતક હુમલો કર્યો છે અને તે પણ ત્યારે કે દેશના મોટાભાગના લોકોએ ગત વર્ષમા કોરોના યાતનાઓ સાથે અણ ચિતવી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તથા નોકરી, ધંધા, રોજગાર માટે આમ પ્રજા પરેશાન છે ત્યારે.....! ભારતમાં કોરોનાની બીજી લહેર મોટા પ્રમાણમાં ફરી વળી છે દરરોજના કેસોમાં વધારો થઈ રહ્યો છે તેના કારણે કેન્દ્ર સરકાર તથા જે તે આઠ રાજ્યોની સરકારો પરેશાન છે.કોરોનાએ વરવુ રૂપ ધારણ કર્યું છે તે કારણે તેઓની ચિંતા વધી પડી છે. તે સાથે લોકોમા પણ ડરનો માહોલ પેદા થઈ ગયો છે....!

વિશ્વભરમાં કોરોના સંક્રમિત દેશોમાં અમેરિકા પછી બ્રાઝિલ અને ભારત ત્રીજા ક્રમે આવી ગયો છે. જોકે વિશ્વના ૧૭ દેશોમાં કોરોનાએ વરવું રૂપ ધારણ કરતા ફ્રાન્સ, જર્મની સહિતના કેટલાક દેશોએ ૧૫ દિવસથી લઈને ૩૦ દિવસનુ લોકડાઉન જાહેર કરેલ છે. ભારતમાં કોરોનાની બીજી લહેરની ઝડપ વધી ગઈ છે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૭,૨૬૨ નવા કેસ સામે આવ્યા છે તથા ૨૭૫ ના મૃત્યુ થયા છે. તેમાં પણ ગુજરાતમાં વિધાન સભા સત્ર કાર્યરત છે ત્યારે ૯ ધારાસભ્યો કોરોનાની ચપેટમાં આવી ગયા છે અને ચારેક જેટલા મંત્રીઓની કચેરીમાં દસેક જેટલા કર્મચારીઓ પણ કોરોના ગ્રસ્ત થયા છે તે કારણે અધ્યક્ષશ્રીએ વિધાનસભા ગૃહ અને સંકુલને યુવી લાઈટથી સેનેટાઈઝ કરાવી દીધું છે... છતાં માસ્ક-ડિસ્ટન્સ જાળવવા ખાસ સુચના આપી છે. બીજી તરફ કેન્દ્રએ પણ દરેક રાજ્યોને માટે માર્ગદર્શિકા જાહેર કરીને જે તે રાજ્યમાં કોરોના ૧૯ ના ફેલાવાને ધ્યાનમાં રાખી જે તે નાના- મોટા શહેર કે જે તે વિસ્તારો,વોર્ડ,જીલ્લા વગેરેમા કડકાઈથી ટેસ્ટ- ટ્રેક- ટ્રીટ લાગુ કરવા અને સ્થાનિક પ્રતિબંધો સહિતના પગલાં લેવા તે સાથે રાજ્યભરમાં રસીકરણ માટે ઝડપ વધારી દેવા સૂચના આપી છે. અને તે કારણેજ રાજ્યમાં લોકડાઉન જેવા પગલા લેવામા આવ્યા નથી... પરંતુ સુરત અને અમદાવાદ શહેરમાં શહેરી બસ સેવા બંધ કરી દેવામાં આવી છે, તો આઠ મહાનગરપાલિકાઓની રાત્રી એસટી સેવા સ્થગિત કરી દીધી છે, તેમજ કેટલાક હોટસ્પોટ વિસ્તારો માઈક્રો કન્ટેનમેન્ટ કરવા સાથે મેડિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે તેમજ મહારાષ્ટ્રમાથી ગુજરાતમાં આવનારાઓ માટે આરટી પીસીઆઈ ફરજીયાત કરી દેવામાં આવ્યું છે....આ બધું છતા લોકોએ "માસ્ક"ને મહત્વ આપવું જરૂરી છે કારણ કફન કરતા માસ્ક ઘણું નાનું છે.....!

### રોકાણકારોના ૩.૨૫ લાખ કરોડ સ્વાહા

# શેરબજારમાં કડાકોઃ સેન્સેક્સ ૮૭૧ પોઈન્ટ તૂટ્યો

)મુંબઈ,તા.૨૪

આજે સપ્તાહના ત્રીજા ટ્રેડિંગ દિવસે એટલે કે બુધવારે નબળા ગ્લોબલ સંકેતોના કારણે શેરબજાર લાલ નિશાન પર ખુલ્યું હતુ. દેશમાં કોરોના વાયરસ મહામારીનું સંક્રમણ વધતા રોકોણકારો ચિંતિત છે. એવામાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો યથાવત છે. બપોરે ૩.૦૮ વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૮૭૧ અંક (૧.૮૨ ટકા)ના ઘટાડા સાથે ૪૯,૧૮૦ સ્તર પર પહોંચી ગયો. ત્યાં જ નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૨૬૫.૩૫ અંક એટલે ૧.૮૦ ટકાના ઘટાડા સાથે ૧૪,૫૪૯ના સ્તરે ટ્રેડિંગ કરી રહ્યો છે.

દિવસનાં અંતે શેરબજારમાં મોટો કડાકો બોલાયો હતો અને સેન્સેક્સમાં ૮૭૧ અંકનો કડાકો થયો હતો. નિફ્ટીમાં પણ ૨૬૫ અંકનું ગાબડું પડ્યું છે. આ દરમિયાન સેન્સેક્સે ૫૦ હજારનું લેવલ ગુમાવી દીધુ છે. સેન્સેક્સ ૪૯,૧૮૦ અને નિફ્ટી ૧૪,૫૪૯ના સ્તરે બંધ થયા છે. આ દરમિયાન રોકાણકારોએ મોટાપાયે નફો બુક કર્યો છે.

શરૂઆતના વેપારમાં બોમ્બે સ્ટોક એક્સચેંજનો મુખ્ય ઈંડેક્સ સેન્સેક્સ ૩૦૨.૦૩ પોઈન્ટ (૦.૬૦ ટકા) ઘટીને ૪૯,૭૪૯.૪૧ પર ખુલ્યો હતો. ત્યાં જ નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી. ૮૭.૩૦ પોઈન્ટ એટલે કે ૦.૫૯ ટકા ઘટીને ૧૪૭૨૭.૫૦ના સ્તરે ખુલ્યો હતો. શરૂઆતના કારોબારમાં ૪૯૪ શેરોમાં તેજી આવી હતી. ૬૬૮ શેરો ઘટ્યા અને ૬૬ શેરોમાં કોઈ બદલાવ આવ્યો ન હતો.

તેના પછી બપોરે ૨.૩૨ વાગ્યે સેન્સેક્સ ૫૭૪.૨૯ અંકોના ઘટાડા સાથે ૪૯,૪૭૭.૧૫ના સ્તર પર હતો અને નિફ્ટી ૧૬૬ અંક નીચે ૧૪,૬૪૮.૭૫ સ્તરે કારોબાર કરી રહ્યો હતો.

ખરેખર દેશભરમાં કોરોના વાયરસના કહેરથી રોકાણકારો ચિંતિત છે. કોરોના સંક્રમણ નિયંત્રણમાં આવ્યા બાદ વધુ એક વખત તે બેકાબૂ બન્યો છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્યપ્રદેશ સહિત ગણા રાજ્યોમાં સ્થિતિ વિકરાળ બની રહી છે.

શેરબજાર છેલ્લા કેટલાક દિવસથી સતત ઘટી રહ્યુ છે જેના લીધે રોકાણકારોને મોટુ નુકસાન સહન કરવુ પડી રહ્યુ છે. આજે ભારતીય શેરબજારમાં એક મહિનાનો સૌથી મોટો કડાકો બોલાતા લિસ્ટેડ કંપનીઓની માર્કેટ વેલ્યૂએશનમાં ઘટાડો આવ્યો છે. આજે બીએસઇ ખાતે તમામ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ વેલ્યૂએશન ૩.૨૫ લાખ કરોડ રૂપિયા ઘટીને ૨૦૨.૫૧ લાખ કરોડ રૂપિયા થઇ છે. જ્યારે ગત બુધવારે બીએસઇની માર્કેટકેપ ૨૦૫.૭૬ લાખ કરોડ રૂપિયા નોંધાઇ હતી. જંગી વેચવાલીના દબાણથી માર્કેટ બ્રેડ્થ બહુ જ નકારાત્મક હતી. આજે બીએસઇ ખાતે ૮૪૨ કંપનીના શેર વધીને બંધ રહ્યા હતા જેની સામે ૨૧૧૫ કંપનીના સ્ટોક રેડ ઝોનમાં બંધ હતા.



ઓમ સાઈ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત તૃતિય સર્વજ્ઞાતિ સમૂહલગ્ન નું આયોજન કરવામાં આવીયુ હતું . તેમાં ૪૨ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડીયા હતા આ લગ્ન સરકારશ્રીના ગાઈડ લાઇન પ્રમાણે અલગ અલગ ૪ સેશન માં ગોઠવામાં આવિયા હતા આ લગ્નની ખાસ વિશેષતા એ હતી કે રાષ્ટ્ગાનથી શરૂઆત કરી હતી .ઓમ સાઈના પ્રમુખશ્રી વિલાસબેન સખીયાએજણવયુ હતું કે આ મોંઘવારીના સમય અને દેખાદેખીના યુગમાં મધ્યમ વર્ગની દીકરીનો બાપની ૨૦ વર્ષની કમાણી દીકરીના લગ્નની પાછળ ખર્ચાય જતી હોય છે અને દીકરીનો બાપ ડુંગરના દેવા નીચે દબાઈ જતો હોય છે ..જો આવું ન બને એના માટે અમો મધ્યમ વર્ગની દીકરીના લગ્ન કરીયે છીએ ... એ પણ ૧૦૧ વસ્તુ કરિયાવરમાં આપીને આ લગ્નને સફળ બનવવા માટે દાતાશ્રી ,ઘણી બધી સેવાકીય સંસ્થાઓ અને ઓમ સાઈ ચેરીટેબલ ટ્રસ્ટની ટીમે ભારે જહમત ઉઠવી હતી...

## સત્તા માટે ચાને પણ બદનામ કરી શકે છે કોંગ્રેસઃ મોદી

ગૌહાટી,તા.૨૪

પાંચ રાજ્યોમાં ચૂંટણી થવા જઈ રહી છે ત્યારે પીએમ મોદી ચૂંટણીમાં ભાજપ તરફથી બાજી સાંભળવા માટે મેદાનમાં આવી ગયા છે.પાંચ રાજ્યોમાં ચૂંટણી થવા જઈ રહી છે ત્યારે પીએમ મોદી ચૂંટણીમાં ભાજપ તરફથી બાજી સાંભળવા માટે મેદાનમાં આવી ગયા છે. આજે પશ્ચિમ બંગાળમાં રેલીને સંબોધિત કર્યા બાદ તેમણે અસમમાં પણ સભા કરી હતી. અસમમાં પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર હુમલાઓ કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસ વોટ માટે કંઈ પણ કરી શકે છે. કોઈને પણ સાથે લાવી શકે છે અને કોઈને પણ દગો આપી શકે છે. કોંગ્રેસનું મહાજૂઠ માત્ર લૂંટને મંજૂરી આપે છે.

પીએમ મોદીએ કહ્યું કે અસમમાં કોંગ્રેસ જ્યારે સત્તામાં હતી ત્યારે માત્ર ખુરશી બચાવવાનું કામ કર્યું. લોકોનું કોઈ કામ કરવામાં આવ્યું નથી. કોંગ્રેસ સત્તામાં આવવા માટે કંઈ પણ કરી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસનું મહાજૂઠ ભ્રષ્ટાચારને ગેરંટી આપે છે. એક એવું મહાજૂઠ છે જે સત્તા માટે અસમના ગૌરવને અસમની ચાને પણ આખી દુનિયામાં બદનામ કરી શકે છે. પીએમ મોદીએ કહ્યું કે અસમની ચાને પણ કોંગ્રેસે દુનિયાભરમાં બદનામ કરવાનું કામ કર્યું છે.

### આગથી ભસ્મીભૂત થયેલી કંપની જોઈ મહિલા કામદારો રડી પડ્યા

# વડોદરામાં શ્રીજી અગરબત્તી કંપનીમાં ભીષણ આગ લાગતા ખળભળાટ મચ્યો

વડોદરા,તા.૨૪

વડોદરા શહેરના મકરપુરા જીઆઈડીસીમાં આવેલી શ્રીજી અગરબત્તી કંપનીમાં આજે વહેલી સવારે ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં કરોડો રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે.

મકરપુરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી શ્રીજી અગરબત્તીમાં આજે સવારે ૪:૦૦ ભીષણ આગ લાગી હતી. જેની જાણ ફાયર બ્રિગેડને થતા ૧૨થી ૧૫ જેટલા ફાયર ફાઈટર ઘટનાસ્થળે પહોંચી જઈ આગ બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આગ કાબૂમાં આવી શકી ન હતી. સતત છ કલાક સુધી પાણી અને ફોર્મ નો મારો ચલાવ્યા બાદ આગ કાબુમાં આવી હતી.

અગરબત્તી બનાવતી આ કંપની બે માળની છે જેમાં પહેલા માળે આગ લાગી હતી અને અગરબત્તી બનાવવા નો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો આ જથ્થો જ્વલનશીલ પદાર્થ હોવાને કારણે આગ કાબૂમાં લેવાની મુશ્કેલી પડી હતી.

શ્રીજી અગરબત્તી કંપનીમાં લાગેલી ભીષણ આગને કારણે તેમાં કામ કરતી મહિલાઓ સવારની પાળીમાં કંપની ખાતે પહોંચી હતી ત્યારે આગ જોઈને મહિલા કામદારો રડી પડી હતી.

આગને કારણે મહિલા કામદારો એક બીજાને સાંત્વના આપકી નજરે પડી હતી કે આપણી મહેનત થી ફરી આ કંપની શરૂ કરીશું અને આગળ ધપાવીશું.

ફાયર બ્રિગેડ સતત છ કલાક સુધી પાણી મારો ચલાવ્યા બાદ આગ કાબુમાં આવી હતી. તેમ છતાં કંપનીમાં ૯:૦૦ પણ આગની જ્વાળાઓ નજરે પડી હતી. આ આગ કેવી રીતે લાગી તેની સત્તાવાર જાણકારી મળી નથી પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

## મોડાસા : ચાર રસ્તા પેટ્રોલપંપ નજીક લાકડાના કેબીનમાં આગ લાગતા ભારે અફડાતફડી

અરવલ્લી બ્યુરો મોડાસા

ઉનાળાની શરૂઆત થતાંની સાથે અરવલ્લી જીલ્લામાં આગ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલ પેટ્રોલપંપ નજીક લાકડાના કેબિનમાં અગમ્ય કારણોસર આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી આગની ઘટનાની જાણ નગરપાલીકા ફાયરબ્રિગેડને જાણ કરતા તાબડતોડ ફાયરફાયટર સાથે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો આગ પર ઝડપથી કાબુ મેળવવામાં ફાયરબ્રિગેડની ટીમ સફળ રહેતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો . મંગળવારે રાત્રીના સુમારે મોડાસા ચાર રસ્તા પર આવેલ પેટ્રોલપંપને અડીને આવેલા લાકડાના કેબીનમાં અગમ્ય કારણોસર આગ લાગતા કેબિનમાંથી આગની જ્વાળાઓ બહાર આવવાની સાથે ધુમાડાના ગોટેગોટા નીકળતા નજીક પેટ્રોલપંપ હોવાથી લોકોમાં દોડધામ મચી હતી લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા લાકડાના કેબીનમાં આગ લાગવાની ઘટનાની જાણ ફાયરબ્રિગેડની ટીમને કરવામાં આવતા ફાયર ફાયટર મશીન સાથે ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો નજીકમાં પેટ્રોલપંપ અને કેબીનને અડીને આવેલ દુકાનોમાં આગ પ્રસરતી અટકતા મોટી દુર્ઘટના ટળી હતી પેટ્રોલપંપના સંચાલકો અને લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા

# હોળી-ધૂળીને લઈ સરકારે ગાઈડલાઈન જાહેર કરીઃ જાહેર કાર્યક્રમ પર પ્રતિબંધ

ગાંધીનગર,તા.૨૪

ગુજરાતમાં ચૂંટણી બાદ ફરીથી કોરોના બેકાબૂ બન્યો છે. અને રાજયમાં હાલ રેકોર્ડબ્રેક કેસો સામે આવી રહ્યા છે. ગત રોજ પણ રાજયમાં વિક્રમી ૧૭૦૦થી વધારે કેસો નોંધાયા હતા. તેવામાં આગામી તહેવાર હોળી અને ધૂળેટીને લઈને સરકારે ગાઈડલાઈન જાહેર કરી છે.

જેમાં રાજયમાં મર્યાદિત સંખ્યામાં સાથે લોકો હોળી પ્રગટાવી શકાશે. હોળીમાં પ્રદક્ષિણા અને ધાર્મિક વિધી કરી શકાશે. ધુળેટીની જાહેરમાં ઉજવણી, કાર્યક્રમને મંજૂરી નહીં. હોળી – ધુળેટીને લઈ ગૃહ વિભાગની માર્ગદર્શિકા જાહેર કરી છે. અને તેને લઈને તમામ કલેક્ટર, પોલીસ વડાઓને સૂચના અપાય છે.

ગુજરાત સરકારે પોલીસ કમિશનર, મેજીસ્ટ્રેટ સહિતના પોલીસ અધિકારીઓને પત્ર લખીને જણાવ્યું છે કે, સામાન્ય સંજોગોમાં હોળી-ધૂળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રિત થતાં હોય છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાની કોરોના સંક્રમણ વધવાની શક્યતા છે. આથી રાજયમાં હાલમાં કોરોનાની સ્થિતિને જોતાં હોળીના તહેવાર સંદર્ભે પરંપરાગત રીતે મર્યાદિત સંખ્યા સાથે હોળી પ્રગટાવી શકાશે તેમજ હોળીની પ્રદશિણાની સાથે ધાર્મિક વિધિ પણ કરી શકાશે. પરંતુ હોળી દહનના કાર્યક્રમ દરમિયાન ભીડ એકત્રિત ન થાય તથા કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન થાય તે અંગે આયોજકોએ તકેદારી રાખવાની રહેશે. આ ઉપરાંત ધૂળેટીના દિવસે જાહેરમાં ઉજવણી અને સામૂહિક કાર્યક્રમને મંજૂરી આપી શકાશે નહીં.

## સુરતમાં કોરોનાના નવા સ્ટ્રેનના લક્ષણ બદલાયાઃ લોકોમાં ચિંતા

સુરત,તા.૨૪

સુરત શહેરમાં કોરોનાનો નવો સ્ટ્રેન ઘાતક રીતે પ્રસર્યો છે. નવા સ્ટ્રેનના લક્ષણો પણ બદલાયા છે. સામાન્ય કોરોનામાં તાવ સહિતના લક્ષણો જણાતા હતા. પરંતુ નવા સ્ટ્રેનમાં આ લક્ષણો દેખાતા નથી. હાથની આંગળીઓ અને પગનાં ટેરવા ફીક્કા પડી જવા, ખંજવાળ આવવી સહિતના લક્ષણો નવા દેખાતા તંત્રની ચિંતામાં વધારો છે.

સુરતમાં નવા સ્ટ્રેનને કારણે ચિંતા ઉભી થઈ છે. જો તમને શરીરમાં કળતર, દુઃખાવો, આંખ આવવી, લાલ થવી, ગળામાં દુઃખાવો થવો, હાથ-પગની આંગળીઓ ફિક્કી પડવી, ડાયરિયા થવો, પેટમાં દુખવું, માથામાં દુખાવો થવો, ચામડી પર ખંજવાળ આવવી જેવાં લક્ષણો જણાય તો કોરોના ટેસ્ટ કરાવવો જરૂરી છે.

સુરતમાં દેખાતાં કોરોનાના નવા કેસોમાં મહત્તમ દર્દીઓમાં તાવની સમસ્યા ઓછી છે. પરંતુ જો ઉપર મુજબના નવાં લક્ષણો જોવા મળે તો તાત્કાલિક ટેસ્ટ કરાવી લેવા પાલિકાએ લોકોને અપીલ કરી છે. આ ઉપરાંત શહેરમાં પોઝિટિવ દર્દીઓ ક્વોરન્ટાઈનનો ભંગ કરે તો પાલિકાને જાણ કરવા માટે પણ લોકોને અપીલ કરવામાં આવી છે.

# ૮-૧૦ વર્ષ સુધી પેટ્રોલ-ડિઝલને જીએસટી દાયરામાં લાવી શકાય તેમ નથીઃ સુશીલ મોદી



ન્યુ દિલ્હી,તા.૨૪

શું પેટ્રોલ-ડીઝલથી સામાન્ય માણસને રાહત મળશે. આ મોટો સવાલ આજની તારીખમાં દેશનો સૌથી મોટો સવાલ છે. હાલમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો રેકોર્ડ સ્તરે છે. જેના પછી વારંવાર રોડથી લઈ સંસદ સુધી માંગ ઉઠી રહી છે કે પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સામેલ કરવામાં આવે. આ મુદ્દે નાણા મંત્રી નિર્મલા સીતારમણનું પણ નિવેદન આવ્યું, જેથી લોકોની આશા વધી પરંતુ થોડીવારમાં સુશીલ મોદીના નિવેદનથી તમામ આશાઓ ખતમ થતી નજર આવી રહી છે.

બીજેપીના રાજ્ય સભા સાંસદ સુશીલ મોદીએ સંસદમાં મોટું નિવેદન આપ્યું. સુશીલ મોદીએ કહ્યું કે, આગામી ૮-૧૦ વર્ષ સુધી પેટ્રોલ-ડીઝલને જીએસટીના દાયરામાં લાવી શકાય તેમ નથી કારણ કે જીએસટી પર વિપક્ષ ગણા નિવેદનો આપે છે પરંતુ જીએસટી કાઉન્સિલિંગની બેઠકમાં કોઈ પણ સ્લેબને લઈ કોઈ સવાલ ઉઠાવતુ નથી, સુશીલ મોદીનો આરોપ છે કે, કોઈ પણ પ્રદેશના મુખ્યમંત્રી અને નાણા મંત્રીએ ક્યારેય જીએસટી કાઉન્સિલની બેઠકમાં પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં નાંખવાની કોઈ પણ વાત કહી નથી. સુશીલ મોદીનું કહેવું છે કે, જો પેટ્રોલ-ડીઝલ પર ટેક્સ વધી ગયો છે તો તેમા મુશ્કેલી શું છે કારણ કે તેનો ફાયદો કેન્દ્ર અને રાજ્ય સરકારોને મળી રહ્યો છે. સુશીલ મોદી અનુસાર જો પેટ્રોલ-ડીઝલની કિંમત ૧૦૦ રૂપિયા થઈ જાય તો ૬૦ રૂપિયા ટેક્સ લાગશે. ૬૦ રૂપિયામાં ૩૫ રૂપિયા કેન્દ્ર અને ૨૫ રૂપિયા રાજ્ય સરકારને મળશે. આ સિવાય સુશીલ મોદીએ એવું પણ કહ્યું કે, ટેસ્ટ કલેક્શનથી વિકાસનું કામ થઈ રહ્યું છે તો પછી આટલો બધો વિવાદ શામાટે થઈ રહ્યો છે.

સુશીલ મોદીએ એવો સવાલ પણ વિપક્ષને પૂછ્યો કે જો પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં નાંખી દીધા તો ૧૦ રૂપિયાવાળા પેટ્રોલ પર ૧૨ રૂપિયાનો ટેક્સ લાગશે. આવામાં પ્રતિ લીટર લગભગ ૪૮ રૂપિયાનું નુક્સાન કેન્દ્ર અને રાજ્યને થશે. સુશીલ મોદીએ સાફ-સાફ પૂછ્યુ કે વિપક્ષ એ બતાવે કે જો પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં સામેલ કરી લેવામાં આવે તો ૪૮ રૂપિયાના નુક્સાનની ભરપાઈ ક્યારે અને કેવી રીતે થશે. જો તેનો જવાબ વિપક્ષ પાસે છે તો જવાબ કેમ આપતા નથી.

### શહેરમાં બે જજ સહિત કોર્ટના ૧૧ કર્મચારીઓ કોરોના પોઝિટિવ નીકળતા ચકચાર

# રાજકોટમાં કોરોના બ્લાસ્ટઃ આકાશવાણી કેન્દ્રમાં ૫ અધિકારીઓના પરિવાર સહિત ૧૮ પોઝિટિવ

રાજકોટ,તા.૨૪

દેશમાં કોરોનાને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે આજના દિવસે કોરોના જાણે રાજકોટવાસીઓ માટે કહેર બનીને આવ્યો હોય તેમ લાગી રહ્યું છે. રાજકોટના હાર્દ સમા વિસ્તાર રેસકોર્સ રિંગરોડ પર ઓલ ઈન્ડિયા રેડિયો સર્વિસ (આકાશવાણી કેન્દ્ર) રાજકોટ ખાતેના પાંચ અધિકારીઓ એક પછી એક કોરોના સંક્રમિત થયા છે. એટલું જ નહીં આ તમામ અધિકારીઓના ૧૩ પરિવારજનો પણ કોરોના સંક્રમિત થયા છે.આ ઘટનાની જાણ થતા જ આકાશવાણી જાણે ભૂકંપ આવ્યો હોય તેવું વાતાવરણ સર્જાયું છે. તંત્ર દ્વારા હવે કચેરીના સ્ટાફની પણ ટેસ્ટિંગ



કરવામાં આવશે એવું મહાનગરપાલિકાના નાયબ અધિકારી ડોક્ટર પીપી રાઠોડે જણાવ્યું હતું.

આ ઉપરાંત શહેરમાં બે જજ સહિત કોર્ટના ૧૧ કર્મચારીઓ કોરોના સંક્રમિત થયા છે, જેને પગલે બાર એસોસિએશનના પ્રમુખે કોર્ટની કાર્યવાહી સ્થગિત કરવાની કરવાની માંગ કરતા ફેમિલી કોર્ટને ૧૦ દિવસ માટે બંધ કરવામાં આવી છે. આ ઉપરાંત કોર્ટમાં કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટે તમામ કોર્ટની કાર્યવાહી આગામી ૧લી એપ્રિલ સુધી સ્થગિત કરવા ડિસ્ટ્રિક્ટ જજ દેસાઈને રજૂઆત કરવામાં આવી છે. શહેરમાં કોરોના બેકાબુ બનતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે.

રાજકોટની નેગોશિયેબલ કોર્ટમાં કોર્ટમાં જજ તરીકે સેવા આપી રહેલા મહિલા જજ વસવેલીયા સહિત તેમના સ્થાપના ૬ કર્મચારીઓને પણ પૂરો ના થયા હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ બે-ત્રણ દિવસ પહેલાં રાજકોટની ફેમિલી કોર્ટના સ્ટાફને પણ કોરોના થયો હતો જેથી ફેમિલી કોર્ટ ૩૧ માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

રાજકોટમાં કોરોનાથી મોતની સંખ્યામાં આજે વધુ ૨ વ્યક્તિનો ઉમેરો થયો છે. ગઈકાલે પાંચ વ્યક્તિનું મોત નિપજયું હતું જયારે આજે મોતની સંખ્યા ઘટીને ૨ થઈ છે. કોવીડ મૃત્યુ અંગે સરકારે નિમેલી સરકારી ડેથ ઓડીટ કમિટીના રીપોર્ટ મુજબ ગઈકાલે ૫ વ્યક્તિના મૃત્યુ થયા હતાં તેમાંથી એક વ્યક્તિનું મોત કોરોનાથી થયું હોવાનું જાહેર ર્ક્યું છે.

બપોરે ૧૨ વાગ્યા સુધીમાં કુલ પોઝિટિવ કેસનો આંકડો ૫૫, આજ સુધીના પોઝિટિવ કેસ ૧૭,૮૯૫, આજ સુધીમાં ડિસ્ચાર્જ ૧૭,૧૫૦ જયારે આજ સુધીમાં રિકવરી રેટ ૯૬.૧૩ ટકા અને આજ સુધીમાં કુલ ટેસ્ટ ૬,૪૩,૪૧૪ થયા છે. પોઝિટિવિટી રેટ ૨.૭૭ ટકા થયો છે.

# રાજપીપળા કોર્ટમાં કોરોના ના કેસ જોવા મળતા
# ૩૧ માર્ચ સુધી કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવા બાર એસોનો ઠરાવ ડિસ્ટ્રિક્ટ જજની રજૂઆત




રાજપીપળા,તા.૨૪

નર્મદા જિલ્લા બાર એસોસિએશને નામદાર કોર્ટ ને એક ઠરાવતી જાણ કરવા કર્યા મુજબ હાલમાં રાજપીપળા સહિત આસપાસના તમામ વિસ્તારોમાં કોરોનાનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હોય, કોર્ટમાં પક્ષકારોની સંખ્યા ખૂબ જ વધુ પ્રમાણમાં આવતી હોય તેમ જ એક બે બારના સિનિયર ધારાશાસ્ત્રીઓ કોરોના ની સારવાર હેઠળ છે.તેવા સંજોગો જો તા.૨૩/ ૩/ ૨૧ના રોજ આગામી તા.૩૧.૩.૨૧ બુધવાર સુધી કોર્ટ કાર્યવાહીથી અળગા રહેવાનો ઠરાવ ધરાવીએ છીએ અને નામદાર સાહેબને વિનંતી.

કરી કે રાજપીપળા કોર્ટ કેમ્પસમાં પક્ષકારો પ્રવેશ ન કરે તેમજ સેનીટાઇઝર અન્ય સાવચેતીના પગલાં ભરી તે અંગેની વ્યવસ્થાઓ ઊભી કરે જે ધ્યાનમાં રાખી સદરહું ઠરાવને અનુમોદન આપવા માં નર્મદા જિલ્લા બાર એસોસીએશનના પ્રમુખ કું.વંદના ભટ્ટ સહિતના હોદ્દેદારોએ રજૂઆત કરતાં ડિસ્ટ્રિક્ટ જજ એ બાબતે પણ યોગ્ય કરવાનું જણાવ્યું હોવાનું કું.વંદના ભટ્ટે જણાવ્યું હતું.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# મોડાસા સહીત રાજ્યભરની ITIમાં ૧૦ એપ્રિલ સુધી ઓફલાઈન શિક્ષણ બંધ




અરવલ્લી બ્યુરો મોડાસા

ગુજરાતમાં કોરોનાના વધતા જતા કેસોને કારણે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ITIને લઈને એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ગુજરાતની માં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી હવે ૧૦ એપ્રિલ સુધી રાજ્યની તમામ માં ઓફલાઈન શિક્ષણ બંધ રહેશે. તાલીમાર્થીઓ ને ઓનલાઇન શિક્ષણ ચાલુ રાખવા પરિપત્ર કર્યો છે ત્યારે મોડાસા ITIમાં પણ બુધવારથી ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું હતું ફરીથી એકવાર વિદ્યાર્થીઓથી ધમધમતું મોડાસા આઈટીઆઈ સંકુલ સુમસામ બન્યું હતું

કોરોનાના વધી રહેલા સંક્રમણના પગલે મહાનગરોમાં સ્કૂલો, કોલેજો બંધ કરી દેવામાં આવી છે અને ઓનલાઈ શિક્ષણ ફરીથી શરૂ કરવામાં આવ્યું છે. હવે રાજ્યની તમામ ITIમાં પ્રેક્ટિકલ બંધ કરાયા છે. ઓફલાઈન પ્રેક્ટિકલ બંધ કરવા આખરે સરકારે નિર્ણય લઈ લીધો છે. એન્જીનીયરીંગ ડ્રોઈંગ કલાસ પણ બંધ કરાયા છે, જે ૧૦ એપ્રિલ સુધી બંધ રહેશે.

શ્રમ અને રોજગાર વિભાગે એક પરિપત્ર જાહેર કરીને આ નિર્ણય લીધો છે.મોડાસા આઈટીઆઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માં ઓફલાઈન અભ્યાસ બંધ કરવામાં આવતા ભારે નિરાશા ફરી વળી હતી માંડ માંડ થાળે પડેલ ઓફલાઈન અભ્યાસ કોરોનાની વિકરાળ સ્વરૂપને લીધે બંધ કરવામાં આવતા વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરવો પડશે




શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર આયોજિત જિલ્લાના ભુદેવોમાટે કર્મકાંડ ની સાથે ખેલકૂદ ને પ્રોત્સાહન આપવા માટે ડે ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટના કરેલ આયોજન બદલ આયોજકોને દિલથી અઢળક વંદન અને ભાગ લેનાર કર્મવીરો ખેલાડીઓને અભિનંદન સહ શુભકામનાઓ...

આ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહી રમતવીરો ભુદેવોના અને ટ્રસ્ટ ના પ્રમુખશ્રી અને પદાધિકારીઓના દર્શન ની તક મળી તે બદલ સૌનો અંતઃકરણપૂર્વક આભાર.

આપનો સહૃદયી

સેવાનુરાગી – દિનેશભાઈ વ્યાસ

9978405372




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજે ૫ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે

વિષય : વિશ્વ કવિતા દિવસ -૨

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેક કરનાર : જયશ્રીબેન પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

NOG સાહિત્ય સરિતા ( ૧ )
NOG SS NO : 0039
વિષય -- ૨૧મી માર્ચ - વિશ્વ કવિતા દિવસ
પ્રકાર - ગદ્ય - લેખ
શીર્ષક -- કવિતા એટલે...
શબ્દો - ૩૦૧

"જયારે કવિનું અંતઃકરણ ગૂઢ સર્જનશક્તિથી હલબલી ઉઠે છે, કંઈક આલેખવા માટે જાગે છે, ભીતરનું મૌન ખળભળે છે ત્યારે જે લખાય એ કવિતા છે."-- સુન્દરમ્

સામાન્ય રીતે એવું મનાય છે કે જેમાં શબ્દ, અર્થ, ભાવ અને કાવ્યતત્વ છે અને ગાઈ શકાય એને કવિતા કહેવાય. છંદ, અલંકાર, પ્રાસ બધું જ જેમાં હોય એને છંદબદ્ધ કવિતા કહેવાય.

જ્યારે જેમાં છન્દ નથી પણ ભાવ, અર્થ અને પ્રાસ છે એને અછાંદસ કવિતા કહેવાય છે.

અગેય કવિતા પણ હોય છે જેમાં ભાવ અને અર્થ છે પણ ગાઈ શકાતી નથી.

જે વસ્તુ જીવનમાં ના હોય પણ કલ્પનામાં હોય એને સુંદર, ભાવનાત્મક પ્રાસ, લય સાથે કાવ્યતત્વ ઉમેરીને રજૂ કરી શકે એને કવિ કહેવાય.

કહેવત છે કે, "જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ." કોઈક અગોચર અંધારા ખૂણામાં પણ કવિ ડોકિયું કરી શકે છે અને એનું કાવ્યાત્મક આલેખન પણ કવિ જ કરી શકે.

મનમાં જે કંઈ પડ્યું છે, જે કંઈ નવું નવું નીપજે છે, જેને રસ અને ભાવથી તરબોળ કરીને શબ્દો રૂપે આલેખે એ કવિ. કવિતા મનુષ્યના અંતરનો અરીસો છે અને શબ્દો દ્વારા પ્રગટ થતો અંતરનાદ.

કવિતા એટલે માનવમનમાં પ્રસવતી લાગણી, જે ક્યાંક વિરહ રૂપે, ક્યાંક ફરિયાદ રૂપે, ક્યાંક મનમાં ઉઠતાં ઉંમગો અને તરંગો રૂપે, ક્યાંક પસ્તાવા રૂપે, ક્યાંક પ્રેમ તો ક્યાંક નફરત, આઘાત, મનોમંથન તો જીવનનાં સાર રૂપે કાવ્યાત્મક સ્વરૂપે વ્યક્ત થાય એ.

માનવ માત્રનું હૃદય જુદી જુદી લાગણીઓથી સંવેદનશીલ છે. ભૂખ,તરસ, ગુસ્સો, ખુશી, રુદન, સુખ, દુઃખ, લાચારી, પ્રેમ, કરૂણા,દયા, નફરત, માન, અપમાન, સન્માન, વગેરે અનેક લાગણીઓથી ભરેલું છે. સમય અને સંજોગો પ્રમાણે એ લાગણી ઉછળીને બહાર આવી જાય છે ત્યારે લખાય છે કવિતા. આમ જુઓ તો દરેક વ્યક્તિ કવિ બની શકે. પણ બધાં પાસે એટલું સરસ શબ્દભંડોળ નથી હોતું. કવિના દરેક શબ્દમાં એવો દમ અને જોમ હોવું જોઈએ જે વાચકના મનને ઝંઝોડી નાંખે.એમના શબ્દો બોલવા જોઈએ.

"અછાંદસ કવિતા લખવી એ અઘરું છે કારણકે છંદથી કાવ્યતત્વ તરત આવે છે અને કવિતા લખવી સહેલી બને છે." -- લાભશંકર ઠાકર

પ્રફુલ્લા "પ્રસન્ના",અમદાવાદ

---

NOG SS NO :-- 0095
વિષય :- કવિતા
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- કાવ્ય દ્વારા હૃદયની ઉર્મિ

હૃદયની ઉર્મિઓને ઠાલવી દેવાની અંતરંગ મજા છે કવિતામાં. લાંબા લેખ, નિબંધ કે વાર્તાઓ લખીને પણ હૃદયની લાગણી મન ભરીને ઠાલવી ના શકાય, એ માત્ર કવિતાની પંક્તિઓમાં જ ઠાલવી શકાય. કોઈ ગમતા ચહેરા, ગમતી આંખો, કોઈની ભાવના કે હળવા સ્મિતને પ્રેમની અભિવ્યક્તિ સાથે મુલવવાની મજા અને સંતોષ હોય તો એ કવિતામાં છે. એમાં સાચી લાગણી અને ઊંડા હૃદયનો સાચો ભાવ વ્યક્ત થાય છે. કોઈને કહેવું હોય કે હું તને સંપૂર્ણપણે સર્વગુણો સાથે ચાહું છું એ શબ્દો દ્વારા કદાચ એટલું ના પહોંચે જેટલું કાવ્યાત્મક શૈલીમાં કહ્યું હોય....

" તારી આંખોમાં મને દેખાય વિશાળ સમંદર, અને હું જાણે ડૂબી જાઉં એમાં ગોરંભાતા આવકારનાં વમળની અંદર, તારા કોમળ હોઠ જે બીડાયેલા છે એકમેકની અંદર , એ ખુલે સ્મિત સાથે અને હું ચૂમી લઉં જાણે ઉભરાવી લાગણીઓનો સમુન્દર, સેંથીથી પાની સુધી લહેરાતી સુંદરતામાં હું ખોવાઈ જાઉં એક પલકની અંદર, ના મટકાવ ઓ ગોરી આંખો કે ના ભીસી લે હોઠ , નોતરવા મને કે હું સમાઈ જાઉં તારી અંદર, ઈશ્વરે પણ ઘડી તને લઈ સમય , બસ એવી છો સુંદર મુરત , નથી ક્યાંય જગતની અંદર ."

આ વાત સીધી આરપાર હૃદયમાં ઊતરી જાય જો કવિતામાં હોય. જે વાત વાર્તા કે નિબંધમાં કે કોઈ લેખમાં લખીએ તો સીધી હૃદયમાં ના ઉતારી શકે.

એ જમાનામાં કવિ કાલિદાસ જે ઋતુઓનાં વર્ણન કરતાં જેમકે...... " અષાઢસ્ય પ્રથમ દિવસે... " તમને લાગે કે તમે ભીતરથી ભીંજાયા, કવિ શકુંતલાની વાત કરે કે કોઈ અપ્સરાની વાત કરે એમાં એ તમને ઉર્મિઓમાં ઝબોળી દે. વર્ષાની વાત એ રીતે કરે કે ટીપું તો ઠીક ક્યાંય વાદળ પણ ના હોય અને તેને શબ્દોથી ભીંજવી તરબતર કરી દે. વાચક કે ભાવકના મન હૃદયની ઉર્મિઓને સતેજ કરી દે. એ તાકાત છે કવિતામાં. બાકી દુઃખ, સાંત્વના, પ્રેમ , લાગણીનો આવેગ, ઉત્તેજના , બધું જ વ્યક્ત થાય, અને એ પણ બહુ ઓછા ભાવવાહી શબ્દોમાં.

એકરાર , ગમો અણગમો , લાગણી , તિરસ્કાર , નિમંત્રણ , વિરોધ. બધું જ એક જ ભાવે શબ્દ વગર વ્યક્ત થાય. ચહેરા , હોઠ કે આંખોથી એજ વ્યક્ત થાય કવિતામાંથી .

ટૂંકમાં કવિતા એટલે દરેક પ્રકારની લાગણીઓ ઓછા શબ્દોમાં ભાવથી વ્યક્ત કરી દે, એ મહેકતું , સરકતું સરોવર છે .

દીપિકા ચાવડા " તાપસી "

---

NOG. SS NO :-- 0001
વિષય :-- કવિતા
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- કાવ્યરસનો ભાવ

કવિતા - કાવ્યરસનો ભાવ

કવિતા – કાવ્ય – પદ્ય. પદ્યનાં પણ કેટલાં સ્વરૂપ ? આપણે જન્મથી જ માતાનાં હાલરડાં સાંભળતાં મોટાં થયાં છીએ. એ મધુરો મીઠો ને સુરીલો ના પણ હોય છતાંય એ માતાનાં મુખેથી ગવાતું હાલરડું જન્મેલાં બાળકને પણ કેટલી શાંતિ આપેછે ! આગળ જતાં નિશાળમાં જોડકણાં , બાળગીતો, પ્રાર્થનાઓ, બધું જ કાવ્યરસનો જ આસ્વાદ કરાવતાં ગયાં. આમ જુઓ તો સૌ કોઈનાં જીવનમાં આરંભથી લઈને જીવનનાં અંત સમયે પ્રાર્થનાસભા સુધી પદ્ય અનેક સ્વરૂપે જોડાયેલું છે અને વણાયેલું છે.

આપણે કોઈની સાથે વાત કરતાં હોઈએ ને એજ સમયે કોઇ સુંદર દ્રશ્ય નજર સામે આવે ત્યારે , એ સમય અને સંજોગો અનુસાર આપણને કોઈ ગીત , ભજન, કે ગઝલ કે કાવ્ય યાદ આવી જ જાય છેને ! અને એજ સમયે આપણેપણ એ ગીત કે કાવ્યને ગણગણીને એ સમય કે સંજોગો ને જાણે જીવંત બનાવીએ છીએ. જેમકે વરસાદની મોસમ હોય, ઝરમર ઝીણો મેહુલો વરસતો હોય, હળવો વાયરો વાતો હોય, અને ધરતી પણ લીલીછમ ઓઢણી ઓઢીને રૂમઝૂમ થતી હોય તો આપણું મન પણ ઝૂમી ઉઠે છે ને! અને વરસાદનું કોઇ ગીત પણ ગણગણવાનું મન થઈ જાય છે ને ! હા, આમ મનની સાથે મોસમ પણ ખુલે અને ખીલી ઊઠે પછી હૈયું પણ એક એવા રંગે રંગાઈ જાય છે! કુદરતે વેરેલાં લાલ – પીળાં – કેસરી પુષ્પોની મહેંક ચોમેરથી આવતી હોય, ચોમેર હરિયાળી છવાયેલી હોય ! ત્યારે મનમાં ઉદ્ભવતા તરંગોને વહેતાં મૂકવા માટે કાવ્યમય રજૂઆત થી વિશેષ બીજું શું હોઈ શકે ?

આપણી સંસ્કૃતિમાં દરેક પ્રસંગ માટે કેટલાં બધાં ગીતો લખાયાં છે ! જન્મ, મરણ, લગ્ન.... અને લગ્ન પ્રસંગનાં તો કેટલાં બધાં ગીતો ! કંકોતરી લખાય ત્યારથી શરૂ કરીને ગણેશસ્થાપન, મંડપમુહુર્ત, પીઠી, માણેકથંભ, મંગળફેરાં, છેડાછેડી, અને અંતે વિદાયગીત.....અહાહા.. કેટલાં બધાં પ્રસંગોને આવરીને ગવાતાં ગીતો પણ ગાતી વખતે આબેહૂબ દ્રશ્યનો જાણે ચિતાર રજૂ કરે છે.

આપણી સંસ્કૃતિમાં આપણાં રીત – રિવાજો બધુંજ જાણે કાવ્યમય જ હોય છે. નવરાત્રીમાં માતાજીનાં ગવાતાં ગરબામાં ખેલૈયાઓનાં હૈયા હિલોળે ચડે છે.આ છે આપણી પરંપરા જેને કાવ્યમાં – પદ્યમાં ગાઈને જીવંત કરવાની મજા જ કાંઈક અલગ છે.

ભગવદ્ ગોમંડળ મુજબ કવિતા એટલે ," પદબંધ, અમુક નિયમાનુસાર ગોઠવાયેલ અક્ષર અને માત્રા એ બેના નિયમથી થતી રચના, છંદ, વૃત્ત. " તેની ત્રણ જાત, ગીત કવિતા, વીર કવિતા, અને નાટ્યકવિતા.

પરંતુ મારાં મતે જોઈએ તો કોઈપણ સમયે સંજોગો, વાતાવરણ, પ્રસંગ, કુદરત, ઉત્સવ, જીવનચરિત્ર, ગરીબી કે અમીરીનાં જીવતાં દાખલા. આ બધું જોઈને હૃદયમાં જે ભાવ ઉત્પન્ન થાય અને એજ ભાવને પ્રસંગ અનુરૂપ કાગળ પર કે હોઠેથી એને શબ્દનું સ્વરૂપ આપો અને એમાં જે ભાવ , જે હાર્દનું વર્ણન થાય એજ સાચી કવિતા! પછી ભલે તે છંદમાં ના હોય! અલંકૃત ના હોય ! પણ એમાં સાચા હૃદયસ્પર્શી ભાવ વણાયેલા હોય છે. બસ એજ કવિતા... એજ કાવ્ય....અનેક રસથી તરબોળ કરતી પદ્ય રચના.

પ્રદીપ રાવલ (સંચાલક)

---

સાહિત્ય સરિતા(૧)
NOG SS No-0042
વિભાગ-ગદ્ય
પ્રકાર-લઘુવાર્તા
વિષય-કવિતા,કાવ્ય
શીર્ષક-સરપ્રાઈઝ

નાઈટલેમ્પના આછા અજવાળામાં ડાયરીમાં કશુંક લખી રહેલી મોના ખૂબ આકર્ષક લાગી રહી હતી. મિહિર બોલી ઉઠ્યો,"ડાયરીનાં કાંમણમાંથી મુક્તિ મળે તો બિચારા પતિદેવનું પણ વિચારજો દેવી." આટલું સાંભળતા મોનાનાં ગાલમાં શરમનાં શેરડા ફૂટ્યા.આવી મીઠી નોંકજોક બંનેના સંબંધને જીવંત રાખતી હતી.

"વાહ! શું સુગંધ આવી રહી છે? શું બનાવો છો, મેડમ?"

"બસ,થોડો નાસ્તો બનાવું છું. બાજુવાળા આન્ટી બરોડા જાય છે. તો,મિતા અને વિનય માટે મોકલાવું છું. હોસ્ટેલનાં જમવાથી પેટ ભરાઈ પણ નાસ્તો હોય તો થોડો ટેકો રહે."

ગામડે રહેતા માતા-પિતાનું તેમજ હોસ્ટેલમાં રહેતા ભાઈ-બહેનનું ધ્યાન રાખતી,ટ્યૂશન કરાવતી,પડોશીઓને મદદ કરતી આટલું કરવા છતાં, ક્યારેય ફરિયાદ નહી. મિહિરે વિચાર્યું કોઈ વાતનું દુઃખ તો નથીને? મોનાને? તેનું મન ચકાસવું પડશે! એ માટે ડાયરી બેસ્ટ એમ માની ડાયરી વાંચવા પ્રયત્ન કર્યો.

એકવીસ માર્ચ,વિશ્વ કવિતા દિવસ મારી પાસે મારી લખેલી કવિતાનું ઘણું કલેક્શન થયું છે. પણ,કાશ...પણ આ અધૂરાં વાક્યને પૂર્ણ કરવાનું બીડું ઝડપ્યું મિહિરે.

ડાયરીમાંથી 'ડ્રીમઝ પબ્લિકેશન' નાં ઓનર નિતાબેનનો ફોન નંબર મળતાં તેની સાથે કાવ્યસંગ્રહ છપાવવાની માહિતી એકઠી કરી એકવીસ માર્ચ પહેલાં મળે તેવું નક્કી કરાયું,બીજી બધી તૈયારી પણ કરી લીધી.

આખરે એ દિવસ આવી ગયો. મિહિરે મોનાને એક કવિ સંમેલનમાં જવાનું અને તારે કવિતાનું પઠન કરવાનું છે એમ કહી શહેરના મોટા હોલમાં લઇ ગયો,ત્યાં પહોંચતા મોનાને આગલી હરોળમાં બેસાડી પણ હોલમાં અંધારું હતું એટલે કશું દેખાયું નહીં.

માઇક પરથી વિભૂતિબેન ઘાંસવાલાએ મોનાને સ્ટેજ પર બોલાવી ત્યાંથી મોનાએ જોયું તો ન્યૂઝ ઓફ ગાંધીનગરના તંત્રી 'પ્રદીપભાઈરાવલ' ,

જયશ્રીબેન(દાદિશા),નીતાબેન શાહ,,પોતાનાં તથા મિહિરના માતા-પિતા તેમજ બંનેનાં ભાઈ-બહેન અને બીજા સ્નેહીજનોથી આખો હોલ ભરેલો હતો.

વિભૂતિબેને પૂર્વભૂમિકા બાંધી અને મિહિરે આપેલા સરપ્રાઇઝની વાત કરી એ સાંભળીને,પોતે જોયેલું સપનું પૂરું થતાં તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા ને હોલમાં બેઠેલાં લોકોનાં હૃદયને પાવન કરતાં રહ્યાં.

સફળ પુરુષની પાછળ સ્ત્રીનો હાથ હોય તો સફળ સ્ત્રીની પાછળ પણ પુરુષનો હાથ ન હોઈ શકે?

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

---

NOG SS No - 80
વિષય - ગદ્ય - લઘુકથા
શીર્ષક - પતિયાર

' આ નફ્ફટ ભાયડાવ.. .. હમઝે સે હું ઇની જાતને ! ' હાથે કરીને હરાયા ઢોરને મારે શેઢે વાળે. ' લખી આક્રોશથી રાતીપીળી થતી' તી. સૂરજ દાદા ય આજ ભડકે બળી રહ્યાં હતાં.

' મેં ક્યું, આ ખેતરને હેઠે આડશ કરી વાળું ને તો હરાયા ઢોર પાક ભેલાડતા ટળે ! 'લખી એકલી એકલી બકબક કરતી'તી.

જમનાડોસી અંતકાળ વેળા આઠ દસ વીઘા જમીન પોતાની દુઃખીયારી દીકરીને નામ કરી ગયેલા. બબ્બે ઠેકાણેથી દુઃખી થઈને પાછી આવેલી લખીને હવે પુરુષ જાત પ્રત્યે ભારોભાર નફરત ભરેલી સ્પષ્ટ જોઈ શકાતી. આવી છાપથી આખા ગામમાં ભાગ્યે જ લખીને કોક વતાવે!

ધારિયું, કુહાડી લઈને ઈ ઊપડી સીમમાં, ' આજતો હેઠે આડસ કર્યે જ પાર કરું ' મનમાં ગાંઠ વાળીને સીમમાંથી બાવળીયા કાપવાના શરુ કર્યા. પણ , એકલું માણસ કેટલેક આંબે?

બે ખેતરવા દૂર શરીફની વાડી, રોજ આ શેઢાની આડસ કેટલે પુગી ઈ જોયા કરે !

'બે દિ થ્યાં તો..ય. હજી તો અર્ધા શેઢે ય ન' તી પોગી રય,' શરીફે ઉદ્‌ગાર કાઢ્યો !

એનો અંતરાત્મા કકળ્યો એટલે આજ ઈ જરીક ઊભો 'ર્યો, થ્યું કે લાવ જરીક હાથ દેવડાવવાનું પૂછું, પણ.. લખીએ તો ઈ એને આમ ઊભેલો જોઈ ધુંવા પુંવા થઈ, મણમણની જોખવાની શરુ કરી !

' બચારી, વખાની મારી બાઈ ! ' શરીફ દયા ભાવે બબડતો બબડતો નીકળી ગયો. પણ આજે રાતે એને નિંદર ન આવી, મોં સૂઝણું થ્યું, બળદગાડે જોતર્યા ને ઉપડ્યો સીમમાં, બાવળીયાનાં ઝુંડ કાપી ગાડે ભરીને લખીને શેઢે,

દિ આખો કરીને આડશ કર્યે છૂટકો વાળ્યો, હાશ ! કરીને અલ્લાતાલાને સમરી હારા કરમનો ઓડકાર ખાધો, શેઢે પોરો ખાવા બેઠો, ત્યાં સામેથી લખીને આવતી ભાળી એટલે હડફ દઈને ઊભો થઈ ઈ તો ભાગ્યો ! ઈની વાંહે લખી પણ.., વાડ ખોદવા લાવેલું ધારિયું એમનેમ હાથમાં લઈને...

પણ.. પુરુષની ચાલને સ્ત્રી કાંઈ ઓછી આંબી શકે !

શરીફને થ્યું આતો નેકી કરવા માંય પાપગનો ! જે કરવું હોય ઈ કરી લે ય, એમ વિચારી શરીફ હાંફતો હાંફતો ઊભો રહી ગયો, લખીને પોગવામાં બે ચાર ડગલાં જ બાકી હતા ત્યારે એને ભાન થયું કે પોતાનાં હાથમાં ધારિયું...,

ધારિયું હાથમાંથી પડી ગયું . ફસડાઈ પડીને પોક મૂકીને રડતા રડતા બોલી...' શરીફ ભાઈ, આજ તમી મારાં આદમીન તરફનો પતિયાર પાસો લાવ્યા સો, મી આદમી પરથી વિશવા મેલી દીધેલો... !

વર્ષા જાની,ભાવનગર

# દેડીયાપાડા ના માલસામોટ ગામેથી ઝોલોછાપ બોગસ ડોક્ટર ઝડપાયો

રાજપીપળા,તા. ૨૪

દેડીયાપાડાના માલસામોટ ગામે થી ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરનાર બોગસ તબીબ ઝડપાયો છે. પોતે ડોક્ટર ન હોવા છતાં ગુજરાત સરકાર માન્ય ડિગ્રી કે સર્ટી વગર એલોપેથિક દવાઓ વડે તબીબી પ્રેક્ટિસ કરતા મેડિકલ સામગ્રી દવાઓ વગેરે રૂ.૧૮૫૪૦૮/- ના મુદ્દામાલ સાથે બોગસ તબીબની ધરપકડ કરવામાં આવી છે . આ અંગેની દેડીયાપાડા પોલીસ મથકમાં ફરિયાદી ડો. બિનોયકુમાર તારકનાથ શર્મા (મૂળ રહે એ ૨/ ૧૧ નારાયણ ગાર્ડન સોસાયટી શ્રવણ ચોકડી ભરૂચ હાલ રહે સહયોગ નગર દેડીયાપાડા) એ આરોપી સંજય ગોપીનાથ બિશ્વાસ (રહે,માલસમોટ નિશાળ ફળિયા મૂળ રહે, ભીમાપુર તા. ભીમાપુર જી.નદીયા પશ્ચિમ બંગાળ )સામે ફરિયાદ કરી છે. ફરિયાદની વિગત મુજબ આ કામના આરોપી સંજય પોતે ડોક્ટર નથી તેમ જાણતો હોવા છતાં એલોપેથિક દવાઓ વડે તબીબી પ્રેક્ટિસ કરી એલોપેથીક ટેબલેટ,સીરપની બોટલ તથા પાઈપ ચડાવવાના બોટલ, સિરીજ (નીડલો ),બેડની સુવિધા, દવાઓ,ઈન્જેક્શનનો ગેરકાયદેસર રીતે રાખતો હતો.અને જાહેરમાં દવાખાનું ખોલી ન હોવા છતાં દાક્તરી સેવા ના સાધનો વડે સારવાર કરતો હતો.પોતાની આર્થિક ફાયદા સારું ગેરકાયદેસર રીતે પોતે ડોક્ટર છે તેવું ગામડાના અભણ દર્દીઓને સમજાવી જાહેરમાં દવાખાનું ખોલી દર્દીઓને સારવાર કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો હતો. આ અંગે તપાસ કરતાં ગુજરાત સરકાર માન્ય ડિગ્રી કે સર્ટી વગર મેડીકલ પ્રેક્ટિસ કરી મેડિકલ સામગ્રી દવાઓ વગેરે રૂ.૧૮૫૭૦૮ /- ના મુદ્દામાલ મળી આવતા તબીબની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

### રાજપીપલા ખાતે વર્લ્ડ ટીબી ડે ની ઉજવણી કરાઈ

# જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફ દ્વારા ટીબીના સિમ્બોલ તથા સૂત્રની રંગોળી કરાઈ



રાજપીપલા, તા ૨૪

૨૪ માર્ચ વર્લ્ડ ટીબી ડે ની ઉજવણી નિમિતે જિલ્લા ક્ષય કેન્દ્ર નર્મદા ના સ્ટાફ દ્વારા રાજપીપલા ખાતે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. માટે કચેરીમાં રંગોળીથી ટીબી ના સિમ્બોલ તથા સૂત્ર ની રંગોળી કરવામાં આવી હતી. જે લોક આકર્ષણ નું કેન્દ્ર બની હતી.

આ અંગે જિલ્લા ક્ષય અધિકારીડો. હિરેનભાઈ પ્રજાપતિએ જણાવ્યુ હતું કે નર્મદા જીલ્લામાં દર વર્ષે લગભગ ૧૦૦૦ જેટલા ટીબીના દર્દી શોધાય છે, જેમાંથીલગભગ ૯૦% જેટલા દર્દીઓ સાજા થાય છે. નર્મદા જીલ્લામાં હઠીલા ટીબી ના દર વર્ષે ૧૫ થી ૧૭ કેસ નોધાય છે.ટીબી એચ.આઈ.વીના દર વર્ષે ૪ થી ૫ કેસ નોધાય છે.તો આ પ્રકારની ગંભીર સમસ્યા ને નાથવા માટે યોગ્ય નિદાન અને પુરી સારવાર લઈ ટીબીનો અંત લાવીએ વર્ષ ૨૦૨૦ મા નર્મદા જીલ્લામાં જીલ્લા ક્ષય નર્મદા,ખાતે કુલ ૭૯૦૮ ટીબીના શંકાસ્પદ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી જેમાંથી ક્ષય રોગ જણાય તેવા કુલ ૧૦૩૦ દર્દી પબ્લીક તેમજ ૪૯૩ પ્રાઈવેટ ના આમ કુલ ૧૫૨૩ દર્દીઓ શોધાયા હતા અને જિલ્લામાં કુલ ૧૮૫૮ દર્દીઓ સારવાર હેઠળ મુકાયા હતા

જિલ્લામાં ટી.બી ના દર્દીઓ સાજા થવાનો દર ૮૨ % છે. અત્રેના જીલ્લા ક્ષયકેંદ્ર,નર્મદા ખાતે ટ્રાયબલ વિસ્તાર ના અતિ દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમા ટીબીના દર્દીઓ શોધવા ડિઝિટલ એક્સરે વાન પણ ઉપલબધ્ધ છે જેમાં વાન આપણા નર્મદા જીલ્લાના અતિ દુર્ગમ વિસ્તારોમાં જાઈને ટીબી શંકાસ્પદ દર્દીઓના ડિઝિટલ એક્સરે બિલકુલ મફત માં પાડે છે અને જેનું સિધુ નિદાન જીલ્લા ક્ષય અધિકારી,નર્મદા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે.

### નર્મદા જિલ્લામાં છેલ્લા સપ્તાહમાં કોરોના બેકાબુ બન્યો

# રાજપીપલા, તરોપા, આદર્શ નિવાસી શાળામાં ૭ શિક્ષકો, સાગબારા નીભંવરી સાલ આશ્રમ શાળા માં ૨ શિક્ષકો કોરોના પોઝીટીવ



રાજપીપલા, તા ૨૪

નર્મદા જિલ્લામાં છેલ્લા સપ્તાહમાં કોરોના બેકાબુ બન્યો છે. નર્મદા જિલ્લામાં તંત્રના અસરકારક પગલાને કારણે ફેબ્રુઆરી માસ સુધી કોરોના લગભગ કાબૂમાં આવી ગયો હતો. પણ ચૂંટણીઓ શરૂ થયા પછી ખાસ કરીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અને નગરપાલિકાની ચૂંટણીઓ સમગ્ર ગુજરાતમાં શરૂ થયા પછી જાહેર સભાઓ રેલીઓ અને રોડ શો માં ભીડ ભેગી કર્યા પછી લોકોની ભીડ વધતા અને કોરોના માટેના જાગૃતિનો અભાવ જોવા મળતા માર્ચ માસમાં કોરોના ફ રી વકર્યો છે. માર્ચના આ છેલ્લા સપ્તાહમાં નર્મદા જિલ્લામાં કોરોના બેફામ બન્યો છે. છેલ્લા સાત દિવસમાં ૮૯ જેટલા કોરોના પોઝિટિવ કેસ જોવા મળ્યા છે. અને નર્મદા જિલ્લામાં કોરોના નો આંક ૨૦૦૦ ને પાર કરી ગયો છે. અને હજી પણ આંકડો વધી રહ્યો છે. હાલ ૨૦૨૭૫૨ આંકડો ગઈ કાલ સુધી પહોંચ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે.

નર્મદા જિલ્લામાં શાળાઓ શરૂ થઈ ગઈ છે ત્યારે હવે કોરોનાએ શાળાઓ અને આશ્રમ શાળાઓમાં પણ એન્ટ્રી મારી છે. ગત સપ્તાહમાં શાગ બારા તાલુકાના ભવરીસાવર આશ્રમશાળામાં બે શિક્ષકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. જેના કારણે આશ્રમશાળાને ૧૫દિસ માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી તે ઉપરાંત હવે નર્મદા જિલ્લામાં અન્ય શાળાઓમાં પણ શિક્ષકો કોરોના ના ભોગ બની રહ્યા છે. જેમાં રાજપીપલાની કન્યા વિનય મંદિર ગર્લ્સ હાઈસ્કૂલમાં બે શિક્ષકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને કારણે તમામ શિક્ષકો ના ટેસ્ટ કરાવવાની ફરજ પડી છે. આ શાળામાં હાલ પ્રથમ કસોટી ની પરીક્ષાઓ ચાલી રહી છે. જ્યારે રાજપીપળાની કેવીએમ હાઈસ્કૂલના ૨ શિક્ષકો કોરોના પોઝીટીવ આવતા મળતી માહિતી મુજબ એ ૨ શિક્ષકો પૈકી એક શિક્ષક શાળામાં ચાલતી પરીક્ષામાં સુપરવિઝન કરતા હતા તો અન્ય એક શિક્ષક પરીક્ષા લક્ષી કામગીરી કરી રહ્યા હતા.હાલ તો નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કેવીએમ હાઈસ્કૂલના તમામ શિક્ષકોના રેપિડ ટેસ્ટ કરાયા હતા જે નેગેટિવ આવ્યા હતા.જેમાં એક શિક્ષક ના પરિવાર ને પોઝીટીવ આવતા બંને ને હોમકોરન્ટાઇન કરાયા છે. હાલ શાળાઓ માં પરીક્ષા ચાલી રહી છે ત્યારે વિધાર્થીઓ અને શિક્ષકોમાં કોરોના સંક્ર્મણ ની શક્યતા વધી જાય તેમ હોવાથી

હાલ પૂરતી પરીક્ષાઓ અને શાળાઓ બંધ રાખવાની માંગ કરાઈ છે

તો બીજી તરફ નાંદોદ તાલુકાના તરોપા ગામે પણ એક શિક્ષક નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એ ઉપરાંત રાજપીપળા નજીક ની આદર્શ નિવાસી શાળા માં પણ બે શિક્ષકો ના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે ડેડીયાપાડા ની બીજી રાજપીપળાની ઈંગ્લીશ મીડીયમ સ્કુલના હેડ કલાર્ક પણ કોરોના પોઝિટિવ બન્યા છે. નર્મદા જિલ્લામાં શાળાઓ અને આશ્રમ શાળાઓમાં શિક્ષકો અને કર્મચારીઓ કોરોના નો ભોગ બની રહ્યા છે. આ શાળાઓમાં અન્ય શિક્ષકોઅને વિદ્યાર્થીઓ માટે પણ સંક્રમણ થવાની શક્યતા નકારી શકાય તેમ નથી. હાલ આ તમામ શાળાઓમાં પ્રથમ કસોટી ચાલી રહી છે. ત્યારે શાળાઓ અને પરીક્ષાઓ ચાલુ રાખવી કે બંધ રાખવી તે આચાર્ય શિક્ષકો વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ચિંતા નો વિષય બન્યો છે. જો કે આચાર્યોએ શિક્ષણ અધિકારીને શાળાઓ બંધ કરવા વાત કરી છે. છતા પણ શાળાઓ ચાલી રહી છે. ત્યારેવધુ શિક્ષકો વિદ્યાર્થીઓ આનો ભોગ બનેતેવી શક્યતાને નકારી શકાતી નથી. અત્યારે હાલ પૂરતું શાળાઓબંધ રાખવી જોઈએ વાલી અને વિદ્યાર્થીઓમાં માંગ ઉઠી છે. રાજપીપળાની કોવિડ હોસ્પિટલમાં હાલ ૨૩ દર્દીઓ અને હોમ એસોલેશનમાં ૩૯ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, જ્યારે ૩ દર્દીઓ સુરત ખાતે અને ૮ દર્દીઓ વડોદરા ખાતે સારવાર લઈ રહ્યા છે.નર્મદા જિલ્લામાં કુલ ૭૩ કોરોનાના એક્ટિવ કેસો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરતા કર્મચારી અને શિક્ષકો ધીમે ધીમે કોરોનાની લપેટમાં આવી રહ્યા છે.તો બીજી બાજુ નર્મદા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ૨ દિવસની પ્રજ્ઞા શિક્ષક તાલીમ વર્ગનું આયોજન કરાયું છે.એક તરફ કોરોના કેહેર અને બીજું બાજુ આ તાલીમનો સરકારનો નિર્ણય કેટલો યોગ્ય છે એ શિક્ષકોમાં ચર્ચાઈ રહ્યો છે.સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શિક્ષકોએ આ તાલીમનો વિરોધ પણ કર્યો હતો તે છતાં તાલીમ કેમ ગોઠવાઈ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.જો આ તાલીમ દરમિયાન કોઈ શિક્ષક કોરોના પોઝિટિવ આવે અને અન્ય શિક્ષક પણ સંક્રમિત થાય તો એનો જવાબદાર કોણ.

નર્મદા જિલ્લામાં એક તરફ કોરોનાના વધુ કેસો સામે આવી રહ્યા છે તો બીજી બાજુ કોરોના વિરોધી રસીકરણ કાર્યક્રમ પણ એટલો જ તેજ બનાવાયો છે.રાજપીપળાના કાછીયાવાડમાં કોરોના પોઝિટિવ દર્દીઓના સૌથી વધુ મોત થઈ ચૂક્યા છે.હાલમાં જ એ વિસ્તારમાં લગભગ ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના ૨૪૦ જેટલા કાછીયા સમાજના લોકોએ કોરોના વિરોધી રસી મુકાવી હતી, તો બીજી બાજુ સંતો મહંતો પણ હવે કોરોના વિરોધી રસી મુકાવવા આગળ આવ્યા છે.નર્મદા જિલ્લાના ૨૦૧ જેટલાં વિવિધ સ્થળોએ જિલ્લાના વરિષ્ડ નાગરિકો, સાધુ-સંતોએ વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો હતો.પોઈચા નિલકંઠધામના શ્રીજી ચરણદાસ સ્વામી, શ્રી યજ્ઞ સ્વરૂપ સ્વામીજી, હરિ ઓમ પ્રજ્ઞાન તીર્થ આશ્રમના રાધાબા ગિરી, દિવ્યશક્તિ શ્રી આનંદ આશ્રમના કૃપાલાનંદ સ્વામીજી સહિત વરિષ્ઠ નાગરિકોએ રસીનો પ્રથમ ડોઝ લઈ રસી લેવા અન્ય લોકોએ પણ આગળ આવવું જોઈએ એવો સંદેશો આપ્યો હતો. હાલ વકરતા જતા કોરોનાને રોકવા લોકોએ પણ કોવીડ ગાઈડ લાઈનનું કડક પાલન કરવું પડશે. નહીં તર પરિસ્થિતિ કાબુ બહાર નીકળી ગઈ હશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

તસવીર :જ્યોતિ દીપક જગતાપ, રાજપીપલા

# પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીના વિકાસ માટે પાલનપુર મુકામે કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વિશ્વ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીના વિકાસ કામોની ચર્ચા માટે પાલનપુર મુકામે કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ચાલતા વિવિધ વિકાસકામોની ચર્ચા કરતાં કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, અંબાજી મંદિર કરોડો માઇભક્તો માટે પરમ શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર છે. અહીં દૂર દૂરથી લોકો માતાજીના દર્શન અને પૂજા-અર્ચના માટે આવે છે ત્યારે અંબાજી દર્શનાર્થે આવતા માઇભક્તોની સેવા માટે સમર્પણ અને સેવાભાવથી કામગીરી કરીએ. તેમણે દરેક કચેરીઓના અધિકારીઓને અંબાજીની મુલાકાત લઇ યાત્રાધામ અંબાજીને વધુ સુવિધાસભર બનાવવા કયા કયા કામો કરવા જોઇએ તેની માહિતી આપવા જણાવ્યું હતું. અંબાજીમાં લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે ત્યારે તેમની સુરક્ષા અને સલામતિને ધ્યાનમાં રાખી મંદિરનો પોતાનો ડિઝાસ્ટર પ્લારન બનાવી તૈયાર રાખવા કલેકટરશ્રીએ સુચના આપી હતી. આ ઉપરાંત બેઠકમાં આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની તમામ હિસાબી કામગીરી, બાંધકામ શાખાને લગતી કામગીરી તથા નવિન પ્રોજેક્ટોનું આયોજન, ઇલેક્ટ્રીક લાઇટને લગતી કામગીરી, એસ્ટેટ શાખા અને આઇ. ટી. તેમજ મિડીયાને લગતી કામગીરી, દેવસ્થાનની સુરક્ષા અને સલામતિ, સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ, પાર્કિંગ, ટ્રાફિક નિયમન, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા, ફાયર સેફ્ટી અને ડિઝાસ્ટર, દેવસ્થાન ટ્રસ્ટના ભોજનાલય, પ્રસાદ, કોલેજ હોસ્ટેલ, સંસ્કૃત છાત્રાલય ભોજનશાળા ખાતે ચકાસણી, મહેકમ, શૈક્ષણિક સંસ્થાઓ, વન વિભાગ, આરોગ્યની સુવિધાઓ અને ટ્રસ્ટના લીટીગેશનની કામગીરી અંગે સંબંધિત કચેરીઓના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં આસી. પોલીસ અધિક્ષકશ્રી સુશીલ અગ્રવાલ, જિલ્લા પુરવઠા અધિકારી અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદારશ્રી એસ. જે. ચાવડા, પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજેનરશ્રી એમ. એમ. પંડ્યા, જિલ્લા તિજોરી અધિકારીશ્રી જે. આઇ. દેસાઇ, જિલ્લા સરકારી વકીલશ્રી સી.જી.રાજપૂત સહિત સંબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ધુળેટીના દિવસે SOU ખુલ્લું રહેશે

# હોળી ધુળેટી પર્વે સ્ટેચ્યુ પ્રવાસીઓ માટે ખુલ્લું રાખવું એ કોરોના ને આમંત્રણ આપવા બરાબર !

### ૨૫ હજાર થી વધુ પ્રવાસીઓ આ ધુળેટીના દિવસે SOU પર આવશે,ધુળેટી ના દિવસ ૨૯ માર્ચ નું ૫૦ ટકા બુકિંગ થઈ ગયું

રાજપીપલા, તા ૨૪

પ્રવાસીઓ માટે એક મોટાં સમાચાર છેકે મોટી સીટી માં રહેતા લોકો માટે ધુળેટી ના દિવસે જીૅ ખુલ્લું રહશે .આમતો સોમવાર હોય મેન્ટેન્સ માટે જીૅ સહિતના પ્રોજેક્ટો બંધ હોયછે. પરંતુ આજ અધિકારીઓએ ખુલ્લા રાખવાનો નિર્ણય કર્યો છે. અને ૨૫ હજાર થી વધુ પ્રવાસીઓ આ ધુળેટીના દિવસે જીૅ પર આવશે. એવી શક્યતા બાંધી તંત્ર હાલ તૈયારીઓ કરી રહ્યા છે કેવડિયા માં આવેલ હોટેલ ટેન્ટ સીટી સહીત બધું બુક થવા લાગ્યું છે. અત્યાર સુધી ધુળેટી ના દિવસ ૨૯ માર્ચ નું ૫૦ ટકા બુકિંગ થઈ ગયું હોવાની માહિતી મહી રહી છે ત્યારે આજની તારીખે પણ ૫૫૦૦ વ્યૂહ ગેલેરી રોજ બુક થઇ જાય છે. ૧૦ જેટલી અન્ય ટિકિટો આવે છે. એટલે એમ કહી શકાય કે અન્ય શહેરોમાંથી ૧૫ હજાર જેટલા પ્રવાસીઓ કેવડિયામાં આવે છે.

હોળીના દિવસે જીૅ ખુલ્લું રાખી કોરાના ને ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છે કે હોળીની ઉજવણી કરવી હોય તો કેવડિયા આવી જાવ અહીયા ૧૦ વાગ્યા સુધી ગ્લો ગાર્ડન ખુલ્લું રહે છે જોકે અહી અત્યાર થીજ પ્રવાસીઓ આવી ચુક્યા છે અને પ્રવાસીઓએ જણાવ્યું વ હતું કે અમારા રાજ્ય અને જિલ્લા માં સરકાર દ્વારા ધુળેટી ની ઉજવણી પર પ્રતિબંધ લાગવ્યો છે માટે અમે જીૅ પર હોળી અને ધુળેટી મનાવીશુ. અને પ્રવાસીઓ પણ આ નિર્ણય ને આવકારી રહ્યા છે .

જોકે બીજી તરફ નર્મદા માં કોરોના કેસો વધી રહ્યા છે ત્યારેપ્રવાસી ઓ માં ફફડાટ પણ છે. હોળી ધુળેટી પર્વે સ્ટેચ્યુ પ્રવાસીઓ માટે ખુલ્લું રાખવું એ કોરોના ને આમંત્રણ આપવા બરાબર છે. હોળી ધુળેટી મનાવવા આવતા પ્રવાસીઓ સાવચેતિ જરૂર રાખવી પડશે. એ પણ એટલું જ સાચું છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# માણાવદર આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ ટીબી દિવસની ઉજવણી ના ભાગરૂપે માસ્ક વિતરણ કરાયા




ભારત સરકાર દ્વારા રાજરોગ તરીકે ઓળખાતો ટીબી રોગ તરફ લક્ષ્ય કેન્દ્રિત કરી આ રોગને કાબૂમાં લઇ લેવાયો છે અને તેના તરફ સરકારની સતત નિગાહ રહી છે.વિશ્વ ટીબી દિવસ તરીકે પ્રતિ વર્ષે ૨૪મી માર્ચના રોજ આ દિવસ મનાવાય રહ્યો છે અને તેની ઉજવણી થઈ રહી છે તેના સંદર્ભમાં આજે સરકારના આદેશ મુજબ માણાવદર આરોગ્ય વિભાગે બહારના જંતુઓના આક્રમણને ખાળવા દરેક વ્યક્તિને માસ્ક વિતરણ કર્યું હતું

ટીબી મુક્ત ભારત ની પરિકલ્પના ને સાકાર કરવા અને જન આંદોલનના ભાગરૂપે હાલની કોરોના કાળ જેવી સંવેદન પરિસ્થિતિમાં ×માસ્ક સેલ્ફી કેમ્પેઇન×નું આયોજન સરકાર દ્વારા દરેક તાલુકામાં કરવામાં આવેલ છે

આ કેમ્પેઇનમાં આરોગ્ય વિભાગે સારી ગુણવત્તાવાળા માસ્ક વિતરણ માણાવદર પોલીસ સ્ટેશન, નગરપાલિકા કચેરી, મામલતદાર ઓફિસ, બાટવા પોલીસ સ્ટેશન, બાટવા નગરપાલિકા કચેરી વગેરેમાં માસ્ક નું વિતરણ કર્યું હતું

તસવીર અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

### આદિવાસી ખેડૂતો માટે સિંચાઇની વ્યવસ્થા કરવાની તેમણે માંગ કરી

# ભરૂચ સાંસદ મનસુખ વસાવાએ કેન્દ્રીય વિતમંત્રી નિર્મલા સીતારમન ને પત્ર લખ્યો



રાજપીપલા, તા ૨૪

આઝાદી પછી દેશમાં આદિવાસીઓનો જે રીતે વિકાસ થવો જોઈએ તે રીતે હજુ થયું નથી ભાજપશાસિત રાજયોમાં આજે આદિવાસીઓનો વિકાસ દેખાઈ રહ્યો છે જ્યારે અટલબિહારી બાજપાઈ ની સરકાર હતી ત્યારે તેમની સરકારમાં આદિવાસીઓના વિકાસ માટે અલગ મંત્રાલય હતું. તેને ધ્યાનમાં રાખીને આદિવાસીઓના વિકાસ માટે ખાસ બજેટની જોગવાઇ પણ કરવામાં આવી હતી. આમ દેશભરમાં ભાજપા ની સરકાર આદિવાસી અને વિકાસ માટે નિરંતર કામ કરી રહી છે.ત્યારેભરૂચ નર્મદા સહીત ગુજરાત નાવિકાસ માટે આદિવાસીઓ માટે ભરૂચ સાંસદ મનસુખ વસાવા એકેન્દ્રીય વિતમંત્રી નિર્મલા સીતારમન ને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમ બન્યા બાદ પણ હજુ આદિવાસીઓ ના વિકાસ નો પ્રશ્ન નું નિરાકરણ આવ્યું નથી. એ ઉપરાંત આદિવાસી ખેડૂતોને સિંચાઇ માટે પાણી મળતું નથી જેથી બીજા સ્થળે રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે એ માટે આદિવાસી ખેડૂતો માટે સિંચાઇની વ્યવસ્થા કરવાની તેમણે માંગ કરી છે. એ ઉપરાંત આદિવાસીઓનું જીવન પશુપાલન ઉપર નિર્ભર છે તેમજ દૂધ ઉત્પાદનનો વ્યવસાય પણ પણ નિર્ભર છે આદિવાસી ખેડૂતોને ભાવેશ હરિદ્વાર દૂધ માટેની કો-ઓપરેટીવ સોસાયટી સોસાયટીઓ માટે જે આર્થિક સહાય આપવામાં આવે છે તે સહાયમાં વધારો કરવાની માંગ કરી હતી એ ઉપરાંત આદિવાસી ગામોમાં હજુ પણ શિક્ષણનું સ્તર કથળી રહ્યું છે

શહેરો માં આદિવાસી વિદ્યાર્થીઓ માટે છાત્રાલય બનાવવા જોઈએ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્ય નિવાસી કોચિંગ કેન્દ્રની વ્યવસ્થા કરવાની પણ તેમણે માંગ કરી છે.શહેર ની આજુબાજુમાં રહેતા આદિવાસીઓ ને આવાસ બનાવવા માટે જમીન ઉપલબ્ધ કરાવવી જોઈએ રહેવા લાયક પ્લોટ આપવા જોઈએ .હંમેશા મનસુખ વસાવા આદિવાસી સમાજ માટે પોતાની સરકાર સામે અવાઝ ઉઠાવતા આવ્યા છે

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા



**શ્રી પરશુરામધામ મંદિર બગસરા ખાતે જી. આર.ડી.ને યોધ્ધા સન્માન કાર્યક્રમમાં બગસરાના P.S.I શ્રી રાઉલ સાહેબ તથા પરશુરામધામ મંદિર બગસરાના ટ્રસ્ટી શ્રી મહેશભાઈ વ્યાસ, દિપકભાઈ પંડયા, મુકેશ જોષી તથા પટેલ સમાજના શ્રી રમેશભાઈ હિરપરા**

**પરશુરામ ધામ મંદિર બગસરા ખાતે વોટરકુલર પાણીનું પરબ તથા શિવજી ના ફુવારા નું કામ ચાલું હોય જેમાં આપશ્રી આપના પરિવાર ના કોઈપણ સદસ્ય ના નામની તકતી રૂપે યોગદાન આપી આ ભગવત્ કાર્ય માટે સહયોગી બનશો....ફુવારો**

# વડીયા ગામની સીમમાં સગીરા કન્યાઓ પર બળાત્કારની ફરિયાદ

રાજપીપળા,તા.૨૪

વડીયા ગામની સીમમાં સગીર કન્યાઓ પર બળાત્કારની ફરિયાદ રાજપીપળા પોલીસ મથકમાં નોંધાઈ છે.ફરિયાદીએ આરોપી અનુરાગ પ્રવીણભાઈ વસાવા (રહે,રાજપીપળા, હીરાફળિયુ) સામે કરી છે.

ફરિયાદની વિગત મુજબ આ કામની ભોગ બનનાર સગીરવયની કન્યા આરોપી અનુરાગ પ્રવીણભાઈ વસાવા તા.૨૮.૧૨.૨૦૨૦ ના રોજ ભોગ બનનાર કન્યા વડીયા પેલેસથી પોતાના ઘરે ચાલતી ચાલતી જતી હતી. તે દરમિયાન વડીયા ગામની સીમમાં કોતર પાસે આરોપી અનુરાગ પાછળથી આવી ફરિયાદીનો પીછો કરી પકડી બળજબરીથી જમીન પર સુવડાવી શરીર સંબંધ બાંધવા દે નહીં તો તને જાનથી મારી નાખી તેમ જણાવી,શારીરિક અડપલા કરી ફરિયાદી દ્વારા સામનો કરતા બળજબરીથી બળાત્કાર કરી ગુરુ કરતાં રાજપીપળા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.